dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 116 | AD - 2026, Maha Sud - 15 | Sunday Dt. 01-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પગારદાર વ્યક્તિઓની ૧૩ લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત થાય તેવી સંભાવના

# દેશના ઈતિહાસમાં પ્રથમવાર રવિવારે બજેટ : કિસાન સન્માન નિધિની રકમ વધશે !

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩૧

નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીએ બજેટ રજુ કરશે જેના પર બધાની નજર રહેશે દેશમાં પ્રથમવાર રવિવારના રોજ બજેટ રજુ થશેનાણાંમંત્રી બજેટમાં નવી આવકવેરા વ્યવસ્થામાં માનક કપાત ૭૫,૦૦૦ રૂપિયાથી વધારીને ૧ લાખ રૂપિયા કરવામાં આવી શકે છે. આનાથી પગારદાર વ્યક્તિઓની ૧૩ લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત થઈ જશે. હાલમાં, ૧૨.૭૫ લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત છે.એક ઉદ્યોગ સંગઠન, કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીએ સરકારને સૂચન કર્યું છે કે વપરાશ વધારવા માટે લોકોના હાથમાં વધુ પૈસા છોડવા જરૂરી છે. કર મુક્તિ વધારવાથી લોકોની ખરીદ શક્તિ વધશે, જેનો અર્થતંત્રને ફાયદો થશે.જયારે સરકાર જૂની કર વ્યવસ્થાને નવી કર વ્યવસ્થાથી બદલવા માંગે છે. આ કરવા માટે, નવી કર વ્યવસ્થાને નફાકારક રાખવી મહત્વપૂર્ણ છે. આ માટે, નવી વ્યવસ્થા હેઠળ પગારદાર વ્યક્તિઓ માટે પ્રમાણભૂત કપાતમાં વધારો થઈ શકે છે.લાભઃ મધ્યમ વર્ગની આવક વધશે. તેઓ દર મહિને થોડા હજાર રૂપિયા બચાવી શકે છે. આ ખર્ચ, બચત અથવા રોકાણ માટે ઉપયોગી થશે. કિસાન સન્માન નિધિ વાર્ષિક રકમ ૫૦% વધી શકે છે પીએમ-કિસાન યોજના હેઠળની રકમ વાર્ષિક ૬,૦૦૦ થી વધારીને ૯,૦૦૦ રૂપિયા કરી શકાય છે. છેલ્લા ત્રણ વર્ષથી તેને વધારવાની ચર્ચા થઈ રહી છે. ૨૦૧૯ માં શરૂ થયા પછી આ યોજના યથાવત રહી છે. ૨૦૨૪ માં, સંસદીય સ્થાયી સમિતિએ વાર્ષિક રકમ બમણી કરીને ૧૨,૦૦૦ રૂપિયા કરવાની ભલામણ કરી હતી.ખેડૂત સંગઠનોનું



કહેવું છે કે ૨૦૧૯ થી મળેલા ૬,૦૦૦ રૂપિયા ફુગાવાના કારણે ૫,૦૦૦ રૂપિયા થઈ ગયા છે. આ રકમ વધારીને ૧૨,૦૦૦ રૂપિયા કરવી જોઈએ. નવેમ્બર ૨૦૨૫ માં, બિહાર સરકારે વધારાના ૩,૦૦૦ રૂપિયાની જાહેરાત કરી. આનાથી ત્યાંના ખેડૂતોને કુલ ૯,૦૦૦ રૂપિયા મળશે. કેન્દ્ર સરકાર તેને સમગ્ર ભારતમાં લાગુ કરી શકે છે.ખર્ચ ગણિતઃ હાલમાં, આશરે ૧૧૦ મિલિયન લોકો કિસાન સન્માન નિધિ મેળવી રહ્યા છે. કેન્દ્ર સરકાર આ ભંડોળ પર વાર્ષિક ૬૦,૦૦૦ થી ૬૫,૦૦૦ કરોડ ખર્ચ કરે છે. આ રકમ વાર્ષિક ૯,૦૦૦ સુધી વધારવાથી આ ખર્ચ વાર્ષિક આશરે ૯૫,૦૦૦ કરોડ થશે.દેશભરના આશરે ૧૧૦ મિલિયન ખેડૂત પરિવારોને આનો લાભ મળશે. વધારાના ૩,૦૦૦ સાથે, ખેડૂતો તેમની નાની ખેતીની જરૂરિયાતો પૂરી કરી શકશે. સરકાર નવી ટ્રેનો શરૂ કરીને ૨૦૩૦ સુધીમાં રિઝર્વેશન માટે રાહ જોવાની યાદીને દૂર કરવાનો લક્ષ્ય રાખે છે. પરિણામે, ૩૦૦ થી વધુ અમૃત ભારત અને વંદે ભારત ટ્રેનોની જાહેરાત થઈ શકે છે. ગયા બજેટમાં, રેલ્વે માટે ૨.૬૫ લાખ કરોડ ફાળવવામાં આવ્યા હતા. આ અત્યાર સુધીનું સૌથી મોટું રેલ ભંડોળ છે. આ વર્ષે પણ તેમાં વધારો થવાની ધારણા છે.કેન્દ્રીય બજેટમાં સરકાર ૨૦૩૦ સુધીમાં ટ્રેન રિઝર્વેશન માટે વેઈટિંગ લિસ્ટ દૂર કરવા માંગે છે. હાલમાં, પીક સીઝન દરમિયાન, માંગ અને સીટની ઉપલબ્ધતા વચ્ચે આશરે ૨૦-૨૫% નો તફાવત છે. આ માટે ટ્રેનો વધારવા અને ટ્રેક વિસ્તૃત કરવાની જરૂર પડશે.દરરોજ ટ્રેનમાં મુસાફરી કરતા આશરે ૨ કરોડ લોકોને ફાયદો થશે.

બજેટમાં ૨ કિલોવોટ સુધીની સોલાર સિસ્ટમ પર સબસિડી ૩૦,૦૦૦ પ્રતિ કિલોવોટથી વધારીને ૪૦,૦૦૦ કરવાની જાહેરાત કરવામાં આવી શકે છે. હાલના નિયમો અનુસાર, ૨ કિલોવોટ સોલાર સિસ્ટમ ઈન્સ્ટોલ કરવાથી કુલ ૬૦,૦૦૦ ની સબસિડી મળે છે, જે ૩૦,૦૦૦ પ્રતિ કિલોવોટ ના દરે છે.

# બે દિવસમાં ચાંદી પ્રતિ કિલો રૂા.૧.૦૬ લાખ તૂટયુ, સોનાના ભાવ પણ ઘટ્યા

### સોના-ચાંદીના ભાવ સતત ઘટતા રોકાણકારો ચિંતિત

મુંબઈ,તા.૩૧

ગોલ્ડ અને સિલ્વર માર્કેટમાં ૩૦ જાન્યુઆરી (શુક્રવાર)ના રોજ ઘટાડો જોવા મળ્યો હતો. કારોબાર સમાપ્ત થવા સુધી પ્રોફિટ બુકિંગને કારણે MCX પર ચાંદી ૧,૦૬,૦૯૨ રૂપિયા (૨૬.૫૩%) ઘટી ગઈ. ૧ કિલો ચાંદીનો ભાવ ૨,૯૩,૮૦૧ રૂપિયા પર આવી ગયો. ગયા કારોબારી સત્રમાં ચાંદીનો ભાવ ૩,૯૯,૮૯૩ રૂપિયા પહોંચી ગયો હતો.જ્યારે MCX પર સોનામાં ૨૦,૩૨૩ રૂપિયા (૧૨%)નો ઘટાડો રહ્યો હતો. ૧૦ ગ્રામ સોનું ૧,૪૯,૦૮૦ રૂપિયા પર આવી ગયું. ગત કારોબારી સેશનમાં




સોનું ૧,૬૯,૪૦૩ રૂપિયા પર હતું. આ ઉપરાંત સોના અને ચાંદીના ETFમાં શુક્રવારે ૨૩% સુધીનો ઘટાડો નોંધાયો. જ્યારે સરાફી બજારમાં શુક્રવારે ચાંદી ૪૦,૬૩૮ રૂપિયા અને સોનું ૯,૫૪૫ રૂપિયા સસ્તું થયું છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત ૩,૩૯,૩૫૦ રૂપિયા પ્રતિ કિલો પર આવી ગયો હતો, જ્યારે ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧,૬૫,૭૯૫ રૂપિયા પર આવી ગયો છે.

આ વર્ષે જાન્યુઆરીના ૨૯ દિવસમાં જ સોનાની કિંમત ૩૫,૨૮૦ રૂપિયા વધી ગઈ છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનું ૧,૩૩,૧૯૫ રૂપિયાનું હતું, જે હવે ૧,૬૮,૪૭૫ રૂપિયા થઈ ગયું છે.

# હિમાચલમાં થઈ રહેલી બરફવર્ષાને કારણે અનેક ગુજરાતીઓ ફસાયા

સીમલા,તા.૩૧

છેલ્લા ત્રણ દિવસથી હિમાચલમાં થયેલી ભારે બરફ વર્ષાને કારણે હજ્જારો ગાડીઓ બરફીલા રસ્તાઓમાં ફસાયેલી છે અને તેમાં સંખ્યાબંધ ગુજરાતી પ્રવાસીઓ સિમલા, કુલ્લુ, મનાલી, સોલંગ, ધર્મશાલા અને ચંબામાં ફસાયાના સમાચાર છે. ૨૬મી જાન્યુઆરીની સાથે શનિ-રવિની રજાને સેટ કરીને બરફ વર્ષાનો આનંદ લેવા ગયેલા ઉત્તર ભારતના હજ્જારો પ્રવાસીઓની સાથે અસંખ્ય ગુજરાતી પરિવારો પણ હાલમાં વીસ કિલોમીટર ટ્રાફિક જામ અને ખાધા-પીધા વિનાના



ઠંડા હિમ રસ્તાઓનો સામનો કરી રહ્યા છે.બે ફૂટના બરફના સ્તર અને બ્લેક આઈસમાં ફસાયેલી કતારબંધ ગાડીઓની બંધ હાલત અને તેમાંથી ઠંડીમાં બહાર આવીને કિલોમીટરો સુધી ચાલતા ચાલતાં જઈને ક્યાંક રહેવાની જેવી તેવી વ્યવસ્થાઓ શોધતાં પ્રવાસીઓના દ્રશ્યો હવે કુલ્લુ-મનાલીમાં સામાન્ય થઈ ગયા છે. જે લોકો ફસાઈ ગયા છે તે વારંવાર સોશિયલ મીડિયા પર અહીં ન આવવાની સલાહ આપી રહ્યા છે જેથી વધુ ધસારો ન થાય. છતાં દિલ્હી, ઉત્તર પ્રદેશ, ચંડીગઢ, રાજસ્થાન, હરિયાણા અને ગુજરાતમાંથી સતત પ્રવાસીઓનો પ્રવાહ હિમાચલનો બરફ માણવા માટે સતત ધસી રહ્યો છે.




# ‘સર’ની કામગીરીથી પ.બંગાળમાંથી ઘુસણખોરો ઘરભેગા થશે : અમિત શાહ

કોલકાત્તા,તા.૩૧

ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળના નોર્થ પરગણામાં કહ્યું કે, મમતા સરકાર ઘૂસણખોરોને સંરક્ષણ આપી રહી છે. બંગાળના લોકો TMCને ઉખાડી ફેંકશે. તેમની વિદાયનો સમય આવી ગયો છે.મમતાજીને CAAનો જેટલો વિરોધ કરવો હોય તેટલો કરી લે. મતદાર યાદીમાંથી ઘૂસણખોરોને કાઢવા જ પડશે. જે બાકીના ઘૂસણખોરો રહી જશે તેમને ભાજપના સીએમ આવીને કાઢી મુકશે. વર્ષ ૨૦૨૬ TMCને ‘ટાટા, બાય-બાય’ કહેવાનું વર્ષ છે.

વર્ષ ૨૦૨૬ TMCને ‘ટાટા, બાય-બાય’ કહેવાનું વર્ષ છે. TMC તો સામ્યવાદીઓથી પણ આગળ નીકળી ગઈ છે. જ્યારે હું પહેલા આવ્યો હતો, ત્યારે મેં કહ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં ભારે બહુમતીથી BJPની સરકાર બનશે. તે સમયે મમતા બેનર્જી મારી મજાક ઉડાવી રહ્યા હતા. પરંતુ જ્યારે ભગવાન રામે રામ સેતુ બનાવ્યો હતો, ત્યારે રાવણે પણ આ જ રીતે તેમની મજાક ઉડાવી હતી.૨૦૨૪ માં ત્રણ દાયકા પછી પહેલીવાર મોદી સતત ત્રીજીવાર આ દેશના વડાપ્રધાન બન્યા છે.






બેંક એકાઉન્ટ ભાડે આપવું ભારે પડ્યું

# વંડાના શખ્સે સુરતથી સાયબર ફ્રોડના રૂ. ૨ લાખ સગેવગે કર્યા

વંડા, તા. ૩૧

ટેકનોલોજીના યુગમાં સાયબર ગુનેગારો હવે સામાન્ય લોકોના બેંક એકાઉન્ટનો ઉપયોગ કરીને છેતરપિંડીના નાણાં સગેવગે કરવાનું નેટવર્ક ચલાવી રહ્યા છે. આવો જ એક કિસ્સો સુરતમાં રહેતા અને સાવરકુંડલાના વંડાના વતની એવા એક શખ્સ સામે નોંધાયો છે, જેણે માત્ર રૂ.૩,૦૦૦ની લાલચમાં રૂ.૨ લાખના સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરવામાં મદદગારી કરી હોવાનું સામે આવ્યું હતું.આ અંગે મૂળ વંડાના અને હાલ સુરત રહેતા દીપકભાઈ રમેશભાઈ ખસીયા તથા સુરતમાં રહેતા વિપુલ મહારાજ સામે ફરિયાદ નોંધાઈ હતી. દીપકભાઈ સુરત જે સુરતમાં રહે છે અને મૂળ વંડાનો વતની છે, તેણે પોતાના ભાઈ વિજયકુમાર રમેશભાઈ ખસીયાના નામે રહેલું એસ.બી.આઈ. વંડા શાખાનું બેંક એકાઉન્ટ પોતાના અંગત ઉપયોગ માટે રાખ્યું હતું. આ એકાઉન્ટનો તેણે સાયબર ફ્રોડ કરનારને ઉપયોગ કરવા આપ્યો હતો.આરોપીઓએ ઉમામહેશ્વરી આનંદરાજ નામના વ્યક્તિને સાયબર જાળમાં ફસાવી તેમની સિટી યુનિયન બેંકના ખાતામાંથી રૂ.૨,૦૦,૦૦૦ RTGS મારફતે આ એસ.બી.આઈ. ના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. આ પૈસા છેતરપિંડીના છે તે જાણવા છતાં, આરોપી તે રકમ ચેક દ્વારા બેંકમાંથી ઉપાડી લીધી હતી અને મુખ્ય સૂત્રધારને સોંપી દીધી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આટલી મોટી રકમ સગેવગે કરવાના બદલામાં આરોપી નંબર ૧ એ મુખ્ય આરોપી પાસેથી માત્ર રૂ.૩,૦૦૦ કમિશન તરીકે મેળવ્યા હતા. છેતરપિંડીના નાણાં હોવાની જાણ હોવા છતાં બેંક એકાઉન્ટ પૂરું પાડી અને નાણાં ઉપાડી આપી ગુનામાં મદદગારી કરવા બદલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વંડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી આઈ પી.જે.રામાણી વધુ તપાસ કરી રહ્યા છે.

**પોલીસની અપીલઃ મ્યુલ એકાઉન્ટથી બચો**

સાયબર પોલીસ વારંવાર ચેતવણી આપે છે કે કોઈ પણ અજાણ્યા વ્યક્તિને કમિશનની લાલચમાં તમારું બેંક એકાઉન્ટ વાપરવા આપવું નહીં. જો તમારા એકાઉન્ટમાં છેતરપિંડીના નાણાં આવે અને તમે તે ઉપાડી આપો, તો તમે પણ આ ગુનામાં સમાન રીતે ભાગીદાર ગણાઈ શકો છો.

# અમરેલીની ટી.પી.ગાંધી સ્કૂલ ખાતે કિશોરી મેળો યોજાયો

અમરેલી,તા.૩૧

જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રીની કચેરીના માર્ગદર્શનમાં અમરેલી સ્થિત ટી.પી.ગાંધી સ્કૂલ ખાતે 'બેટી બચાવો' બેટી પઢાઓ' યોજના અન્વયે કિશોરીમેળો યોજાયો હતો. અર્બન હેલ્થ સેન્ટર આર.બી.એસ.કે સ્ટાફ ડો. કિરણબેન ગેડીયા દ્વારા કિશોરીઓના સ્વાસ્થ્ય અને માસિક સ્વચ્છતા વિષયક માહિતી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું. ઉપરાંત કિશોરીઓની આરોગ્ય તપાસણી હાથ ધરવામાં આવી હતી.

સાથે ઓલ્બેનડોજેલ ટેબ્લેટ, આયર્ન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે ૧૯મા સર્વજ્ઞાતિ સમૂહલગ્ન યોજાયા

**નાના એવા ગામે સામાજિક સમરસતાનું ઉદાહરણ પુરૂ પાડ્યુ**



જાફરાબાદ,તા.૩૧

જાફરાબાદ તાલુકાનું બાબરકોટ ગામ આજે સમગ્ર ગુજરાત માટે સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ બન્યું છે. તાજેતરમાં ગામમાં ૧૯માં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ જ્ઞાતિના ૫૦ યુગલોએ સમૂહમાં પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ આયોજનની સૌથી મોટી વિશેષતા એ છે કે છેલ્લા ૧૯ વર્ષથી આ ગામમાં એક અનોખી પરંપરા જળવાયેલી છે. ગામના કોઈપણ પરિવારે, પછી તે ગમે તે જ્ઞાતિના હોય, આ સમૂહ લગ્ન સિવાય અલગથી લગ્ન પ્રસંગ યોજ્યો નથી. શ્રીમંત હોય કે મધ્યમ વર્ગ, તમામ પરિવારો ભેગા મળીને એક જ મંડપ નીચે પોતાના સંતાનોના લગ્ન કરાવે છે.

# ચિતલમાં સસરાના ઘરે આવેલા જમાઈની તસ્કરો રૂ. ૮૫ હજારની બાઈક ઉપાડી ગયા

અમરેલી, તા.૩૧

અમરેલી જિલ્લાના ચિતલ ગામે તસ્કરોએ ફરી એકવાર માથું ઊંચક્યું છે. ગામના ખોડીયારનગર વિસ્તારમાં ઘર પાસે પાર્ક કરેલી એક કિંમતી મોટરસાયકલની અજાણ્યા તસ્કરો ચોરી કરી પલાયન થઈ ગયા હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી.મળતી માહિતી મુજબ, બાબરાની મીયા ખીજડીયા ગામના પાર્થભાઈ કનુભાઈ ભેસાણીયા (ઉ.વ.૨૬) પોતાની હીરો કંપનીની સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ (રજી. નં. GJ-૧૪-BJ-૦૫૦૨) ચિતલ ગામે ખોડીયારનગર વિસ્તારમાં આવેલ તેમના સસરાના રહેણાંક મકાનના ડેલા પાસે પાર્ક કરી હતી. આ મોટરસાયકલની અંદાજિત કિંમત રૂ. ૮૫,૦૦૦ હતી.ચોરીની આ ઘટના ગત તા. ૨૫/૦૧/૨૦૨૬ ના રોજ રાત્રિના નવ વાગ્યાથી સાડા દસ વાગ્યાના મધ્યમાં બની હતી. માત્ર દોઢ કલાકના ટૂંકા ગાળામાં કોઈ અજાણ્યો ચોર ઈસમ મોટરસાયકલની ઉઠાંતરી કરી ગયો હતો. ફરિયાદીએ જ્યારે બહાર આવીને જોયું ત્યારે બાઈક ગુમ જણાતા આસપાસ તપાસ કરી હતી, પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો.આ અંગે ફરિયાદીએ અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. રહેણાંક વિસ્તારમાંથી જ થયેલી આ ચોરીને પગલે સ્થાનિકોમાં પણ ફફડાટ જોવા મળી રહ્યો છે. પોલીસ હાલ આસપાસના સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની મદદથી તસ્કર સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા હતા.

બેંક એપ્લિકેશન અપડેટ કરવાનું કહી

# અમરેલીના રંગપુર ગામે સાયબર માફિયાએ રીક્ષા ડ્રાઈવરના ખાતામાંથી ૮૭ હજાર ખંખેરી લીધા

અમરેલી, તા.૩૧

અમરેલીના રંગપુર અને આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં સાયબર ગઠિયાઓ સક્રિય થયા છે. જેમાં ખાસ કરીને ખેડૂતો અને ઓછું ભણેલા લોકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, જેઓ કોઈ પણ OTP કે બેંક વિગતો આપ્યા વગર જ હજારો રૂપિયા ગુમાવી રહ્યા છે. રંગુપરમાં રહેતા વિપુલભાઈ નાગજીભાઈ રાદડીયા (ઉ.વ.૪૮)એ વોટસએપ મોબાઈલ નંબર ૭૯૦૩૦૬૨૦૯૦ નો ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાના ઘરે હાજર હતા તે સમયે કોઈ અજાણ્યા ઈસમે મોબાઈલ નં- ૭૯૦૩૦૬૨૦૯૦ થી ફરીયાદીને વોટસએપ કોલ કરી ફરીયાદીને SBI YONO એપ્લીકેશન અપડેટ કરવાનુ કહી વોટસએપ ઉપર એક લિંક મોકલી જે લીંક ફરીયાદી ઓપન કરતા ફરીયાદીના બેંક ખાતામાથી કુલ રૂ.૮૭,૭૭૨/- મેળવી લઈ ફરીયાદી સાથે છેતરપીંડી કરી હતી.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પી આઈ ઓ કે જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલા, બગસરાની પ્રા.શાળામાં ઈમરજન્સી સેવાઓ અંગે જાગૃતિ કાર્યક્રમ



અમરેલી, તા.૩૧

શાળા સલામતી સપ્તાહ અંતર્ગત ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ, અમરેલી વિભાગ દ્વારા તા. ૩૦-૦૧-૨૦૨૬ના રોજ બગસરા ખાતે આવેલી શાળા નંબર–૩ માં ફાયર સેફ્ટી અવરનેસ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિભાગના કર્મચારીઓ, ગઢવી હરિકુષ્ણ, શ્રીબાંભણીયા હિમતકુમાર તથા શ્રી ઈસોટીયા જયદીપભાઈ દ્વારા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષક સ્ટાફને બેઝિક ફાયર અવરનેસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આગના પ્રકારો, આગ લાગવાની જુદી જુદી પરિસ્થિતિઓમાં અલગ અલગ અગ્નિશામક સાધનોના ઉપયોગ અંગે માહિતી આપી વિદ્યાર્થીઓની હાજરીમાં લાઈવ ડેમોસ્ટ્રેશન પણ કરાવવામાં આવ્યું હતું. તે ઉપરાંત, તા. ૨૯-૦૧-૨૦૨૬ના રોજ શાળા સલામતી સપ્તાહ–૨૦૨૬ અંતર્ગત સાવરકુંડલા તાલુકાની પ્રાથમિક શાળા નંબર–૩ ખાતે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, સાવરકુંડલા તાલુકા બ્રાન્ચના પ્રતિનિધિ મેહુલભાઈ વ્યાસ દ્વારા વિદ્યાર્થીઓ તથા શિક્ષક સ્ટાફને પ્રાથમિક સારવાર (First Aid) અંગે થિયરીકલ તેમજ પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન ઈજા, રક્તસ્ત્રાવ, બેભાન થવાની સ્થિતિ તેમજ અચાનક બિમારી જેવી પરિસ્થિતિઓમાં કેવી રીતે તાત્કાલિક અને યોગ્ય પ્રાથમિક સારવાર આપવી તેની વ્યવહારુ માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, તા. ૨૭-૦૧-૨૦૨૬ના રોજ શાળા સલામતી સપ્તાહ–૨૦૨૬ અંતર્ગત સાવરકુંડલા તાલુકાની શ્રી આદસંગ પ્રાથમિક શાળા ખાતે ૧૦૮ ઈમરજન્સી સેવા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સો જેટલા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષક સ્ટાફને ૧૦૮ ઈમરજન્સી સેવા કેવી રીતે કાર્ય કરે છે, ઈમરજન્સી સમયે તેની ભૂમિકા તથા સેવામાં ઉપયોગમાં લેવાતા અધતન ઉપકરણો અંગે માહિતી આપવામાં આવી હતી અને ડેમોસ્ટ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું

# રાભડા અને મેમદા ગામે વાડીઓમાંથી રૂ.૮૦,૦૦૦થી વધુની મત્તાની ચોરી

દામનગર, તા.૩૧

દામનગર પંથકમાં ખેતીકામની સીઝન વચ્ચે તસ્કરોએ માથું ઊંચક્યું છે. ભુરખિયા રોડ પર આવેલા મેમદા ગામની સીમમાં ખેડૂતની વાડીને નિશાન બનાવી અજાણ્યા ચોર ઈસમો ઈલેક્ટ્રિક મોટર અને કેબલ વાયરની ચોરી કરી રફુચક્કર થઈ ગયા હોવાની ઘટના સામે આવી હતી.રાભડા ગામની સીમમાં હજીરાધાર ગામ તરફ પાકા રોડે કાંતિભાઈ ગોબરભાઈ મેરૂલીયા (ઉ.વ.૫૬) વાડીએ રાત્રિના સમયે અજાણ્યા તસ્કરોએ ગુનાહિત પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ વાડીના દારમાં ઉતારેલી ૫ એચ.પી.ની ઈલેક્ટ્રિક મોટર (કિંમત રૂ. ૩૬,૦૦૦) અને ઈલેક્ટ્રિક બોર્ડથી મોટર સુધીનો અંદાજે ૬૦૦ ફૂટ લાંબો કેબલ વાયર (કિંમત રૂ. ૩૪,૦૦૦) મળી કુલ રૂ. ૭૦,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી હતી. સવારે ખેડૂત વાડીએ પહોંચતા ચોરીની જાણ થઈ હતી.ચોરીનો બીજો બનાવ મેમદા ગામના ભુરખિયા રોડ તરફની વાડીમાં બન્યો હતો. મેમદા ગામના માવજીભાઈ પુંજાભાઈ સોલંકી (ઉ.વ.૪૭) ની વાડીમાં ચોરોએ ઘુસી પાણી ખેંચવાની મોટરનો અંદાજે ૩૦૦ ફૂટ લાંબો ઈલેક્ટ્રિક કેબલ વાયર (કિંમત રૂ. ૧૦,૫૦૦) કાપીને ચોરી કરી લીધો હતો. બંને ઘટનમાં મળી કુલ રૂ.૮૦,૦૦૦થી વધુની મત્તાની ચોરી થઈ હતી. એક જ રાતમાં દામનગર પંથકના મેમદા ગામે થયેલી આ ચોરીઓને પગલે સ્થાનિક ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મોંઘા ભાવની મોટર અને કેબલની ચોરી થતાં ખેડૂતોને આર્થિક ફટકો પડ્યો છે. ખેડૂતોએ આ વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ વધારવાની માંગ કરી હતી. દામનગર પોલીસે ઘટનાની વધુ તપાસ હાથ ધરી હતી.

# અમરેલીમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે વૈજ્ઞાનિક સલાહકાર સમિતીની મહત્વની બેઠક યોજાઈ



અમરેલી,તા.૩૧

અમરેલીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કૃષિલક્ષી તાલીમ, નિદર્શનો, કિસાન ગોષ્ઠી, ફાર્મ પરીક્ષણની અનેકવિધ પ્રવૃતિઓ જિલ્લામાં કરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરવા શુક્રવારે ૨૧મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતીની બેઠક જુનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડો. વી.પી. ચોવટીયાનાં અધ્યક્ષ સ્થાને મળી હતી. આ તકે કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાં ડો. મીનાક્ષી કે. બારીયાએ ગત ૨૦મી બેઠકના મુદ્દાઓનું અમલીકરણ, વર્ષ ૨૦૨૫નો પ્રગતિ અહેવાલ અને વર્ષ ૨૦૨૬ના કાર્યક્રમોના આયોજનની રૂપરેખા રજુ કરી હતી. ત્યારબાદ વિષય નિષ્ણાંત ડો. નેહા તિવારી અને ડો. શ્વેતા એ. પટેલ દ્વારા વિષયને અનુરૂપ પ્રગતિ અહેવાલ તથા આગામી આયોજન રજૂ થયા હતા. આ બેઠકમાં અન્ય અધિકારીઓની સાથે ૧૦ જેટલા ખેડૂત ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા. ડો. વી.પી. ચોવટીયા દ્વારા જળ જમીન સરક્ષણ કરવા અને રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો વપરાશ ઓછો કરવા તથા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા તથા નવી જાતોના નિદર્શનો વધારવા અંગે સૂચનો આપ્યા હતા.

## -:: જાહેર નોટીસ કમ ચેતવણી ::-

આથી હું ધીરૂભાઈ ભીખુભાઈ પડશાળા, ઉ.વ.૪૬, મુળ રહે.સુલતાનપુર, તા.ગોંડલ, જી.. રાજકોટ ગામનો વતની અને હાલ રહે. સુરત,ઠે.સી-૪૦૧, શુકુન રેસીડેન્સી, પેડર રોડ, મોટા વરાછા, સનસિટી, રો-હાઉસ પાસે, ચોરાસી, તા.જી.સુરત, વાળા આ જાહેર નોટીસ થી સ્વસ્થ મને સાવધ બુધ્ધિમાં કોઈપણની ધાક, ધમકી કે દબાણ વિના કાયદાકીય રીતે મને મારી સ્વતંત્ર રીતે જીવન જીવવા હક્ક આવેલ હોઈ. મારા તમામ સગા સંબધી, કુટુબીજનો એટલે કે માતા, પિતા, ભાઈ, બહેન, ધર્મપત્ની, પુત્ર, પુત્રી, સાઢુભાઈ, સગા, મિત્ર મંડળ, સસરા પક્ષનાં કે ભાગીદાર, ત્રાહેત વ્યકિત વિગેરેને આ જાહેર નોટીસ થી જાહેર કરૂ છુ કે...

હું મારી રીતે હાલ મારૂ ઘરસંસાર ચલાવુ છું. અને સમજણ પુર્વક તમામ વહેવારીક રીતે સમાજમાં કોઈને કોઈ કનડગત કે અપમાનિત કરી ગેરવર્તણુંક કરેલ નથી. અને તમામ સાથે માન, મોભો જાળવી વર્તુ છું. અને મારા ગૃહસ્થ તરીકેની જવાબદારી મુજબ વર્તન રાખુ છું. અને અનાયાસે મારા થી કોઈ ભુલ કે કોઈ ટેવ આવેલ તે મેં સમજી વિચારીને છોડી દીધેલ છે. તેમ છતાં કોઈપણ આ ભુલ માનવા તૈયાર ન હોઈ અને વિશ્વાસપુર્વક મારા સાથે સારૂ વર્તન રાખતા નથી. અને મારૂ માન મોભો જાળવતા ન હોઈ અને મને શારિરીક અને માનસીક રીતે ટોર્ચર કરતા હોઈ જેથી આ નોટીસથી ચેતવણી આપુ છું. કે મને સ્વતંત્ર રીતે મારી જીંદગી જીવવા દયો અને મને કોઈપણ પ્રકારનું ટેન્શન કે ટોર્ચર આપવું નહી. તેમ છતા કોઈપણ મને ટોર્ચર કરશે કે શારિરીક કે નામસીક રીતે હેરાન પરેશાન કરશે. તો જેનાં પરિણામ સ્વરૂપે મારા માં કોઈ માનસિક અને વર્તનમાં ફેરફાર થવા પામે તો તે સામે એડવાન્સ પગલા લેવા મને કાયદાકીય કાર્યવાહી કરવા ફરજ પડશે તો તેનાં ખર્ચ અને પરિણામ વિગેરેની તમામ જવાબદારી મને ટોર્ચર કરનાર કે માનસીક રીતે ત્રાસ આપી હેરાન પરેશાન કરનારની રહેશે. જેની આ નોટીસથી સાવધ બુધ્ધિમાં શુધ્ધ બુધ્ધિ અને સમજણ પુર્વક તમામ લાગતા વળગતા સગા, સબંધીઓ અને કૌટુંબીકઓને ચેતવણી આપી જાણ કરવામાં આવે છે.

**ધીરૂભાઈ ભીખુભાઇ પડશાળા,**
મુળ રહે.સુલતાનપુર, તા.ગોંડલ, જી.રાજકોટ.
હાલ રહે.સુરત, ઠે.સી-૪૦૧, શુકુન રેસીડેન્સી,
પેડર રોડ, મોટા વરાછા, સનસિટી, રો-હાઉસ
પાસે, ચોરાસી, તા.જી.સુરત,
મો.નં.૯૮૨૫૮૬૦૮૩૦




Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

### રાજયના ઉર્જા અને કાયદામંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને

# અમરેલીના સોનારીયા ખાતે નદીની સફાઈ ઝુંબેશનો પ્રારંભ

અમરેલી,તા.૩૧



ઊર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને સોનારિયા મુકામે નદીની સાફસફાઈ ઝુંબેશનો પ્રારંભ થયો હતો. રાજ્ય સિંચાઈ વિભાગ દ્વારા અમરેલી જિલ્લાના સોનારીયાથી ચાંદગઢ સુધી અંદાજિત ૦૬ કિલોમીટરની લંબાઈ ધરાવતી નદીમાં ઉગી નીકળેલા ગાંડાબાવળ સહિતની આડશની સફાઈ કરવામાં આવશે.આ પ્રસંગે નદીના પટમાં રાજ્યમંત્રીશ્રીના હસ્તે કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, નદીમાં આડશના લીધે વહન ક્ષમતા ઘટી જવાથી પૂરની સ્થિતિમાં ખેતીલાયક જમીનમાં વ્યાપક ધોવાણ થતું હતું. આ માટે રાજ્ય સરકારે જરૂરી નાણાકીય જોગવાઈ કરી કામ મંજૂર કરતા આજે આ કાર્ય શરૂ થયું છે. આ વિસ્તારના ખેડૂતોની જમીન ધોવણ થતી અટકશે અને નદીની વહન ક્ષમતામાં વધારો થશે. રાજ્યમંત્રીએ પ્રવાસ દરમિયાન અમરેલી તાલુકાના ચાંપાથળ અને ફતેપુર મુકામે રૂ. ૧૦-૧૦ લાખના અનુદાનથી નિર્મિત કોમ્યુનિટી હોલનું સ્થાનિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યુ હતું. આ પ્રસંગે તેમણે ફેતપુર મુકામે પ્રાથમિકશાળાની મુલાકાત લઈ અને ૪૧૮ જેટલી વ્યાપક સંખ્યા થવા બદલ શાળાના આચાર્યઅને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લા પંચાયતના સભ્યો મુકેશભાઈ બગડા, શંભુભાઈ મહિડા, કાળુભાઈ, પ્રવિણભાઈ માંગરોળીયા, તાલુકા પંચાયત અમરેલીના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, અતુલભાઈ કાનાણી સહિતના અગ્રણી ઓ ઉપસ્થિત રહ્યા.

# સાવરકુંડલાના દેતડ ગામે કરુણ ઘટના: ધાતરવડી નદીના પટમાં પડી જવાથી એક વ્યક્તિનું મોત

સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા તાલુકાના દેતડ ગામે ધાતરવડી નદીના પટમાં અકસ્માતે પડી જવાથી એક વ્યક્તિનું મોત નિપજ્યાની ઘટના સામે આવી હતી. નદીના પટમાં ચાલતી વખતે સંતુલન બગડતા માથાના ભાગે ગંભીર ઈજા થવાને કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું હતું. પુનાભાઈ મધુભાઈ વાઘેલા (ઉ.વ.૩૨) એ જાહેર કર્યા મુજબ પ્રકાશભાઈ વિનુભાઈ વાઘેલા (ઉ.વ.૩૬) કોઈ કામ અર્થે ધાતરવડી નદીના પટમાંથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન કોઈ કારણોસર તેઓ નદીના પટમાં પછડાયા હતા. આ અકસ્માતમાં તેમના માથાના ભાગે, ખાસ કરીને ડાબી આંખના લમણા પાસે ગંભીર મૂઢ ઈજા થઈ હતી. માથાના ભાગે થયેલી ગંભીર ઈજાને કારણે લોહી વહી જવાથી અથવા આંતરિક ઈજાના કારણે તે વ્યકિતનું કરુણ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો અને અકસ્માતે મોતના ગુના હેઠળ આગળની તપાસ હાથ ધરી હતી. આ ઘટનાથી દેતડ ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

# અમરેલીની શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં રાષ્ટ્રપીતા મહાત્મા ગાંધીજી નિર્વાણ-શહીદ દિન કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૩૧




અમરેલીની શ્રીજી વિદ્યાર્થી ભુવનાખાતો તા.૩૦/૦૧/૨૦૨૬ના રોજ રાષ્ટ્રપીતા મહાત્મા ગાંધીજી નિર્વાણ - શહીદ દિન નિમિતે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ધોરણ ૯ અને ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ દ્વારા શહીદીના જીવન અને શૌર્યને રજુ કરતા અવસરો કહેવામાં આવ્યા હતા. તેમજ બાળકોએ દેશભક્તિના ગીતો રજુ કર્યા હતા. ઉપરાંત શાળાના સંચાલક દીપકભાઈ વઘાસિયાએ પ્રસંગોચિત ઉદબોધન કર્યુ અને ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા લઈ રાષ્ટ્રની પ્રગતિમાં સૌ નાગરિકોએ યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

# લીલીયામાં હાઉસ કનેક્શન કામગીરી શરૂ કરાવવા 'આપ'નું આવેદનપત્ર

લીલીયા,તા.૩૧




લીલીય ા શહેરમાં પાછલા ત્રણ વર્ષથી કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ નલ સે જલ યોજના અંતર્ગત હાઉસ કનેક્શન ન અપાતાં આ યોજના ટલ્લે ચડી છે. આ અંગે કામગીરી શરૂ કરાવવા આમ આદમી પાર્ટીના પ્રમુખ વિજયભાઈ વિરાણીની આગેવાનીમાં લીલીયા મામલતદારને આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવેલ છે. જેમાં જણાવ્યું હતું કે, અંદાજિત રૂ. ૯ કરોડના ખર્ચે વર્ષ ૨૦૨૧ નલ સે જલ યોજનાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. આ યોજનાની કામગીરી શહેરના ત્રણ ઝોનમાં કરવામાં આવેલ, જેમાં ૩૩ લાખ લિટરનો એક સંપ, ૫ લાખ લિટરની ક્ષમતાવાળી ત્રણ ઉંચી ટાંકી ૩૨ કિ.મી માં પાણી વિતરણ માટે પાઈપ લાઈન અને મશીનરી અને વીજ કનેક્શન સહિત ની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવેલ અને પાણી પુરવઠા બોર્ડ દ્વારા જુલાઈ ૨૦૨૩ માં યોજનાનું ટેસ્ટિંગ પણ કરી લેવામાં આવેલ. ત્યારબાદ શહેરના ૩૩૦૦ પરિવારોને નલ સે જલ મળી રહે તે માટે વાસ્મો પુરસ્કૃત હાઉસ કનેક્શનની ૧૦% રકમ રૂ.૯,૦૦,૦૦૦/- ગ્રામ પંચાયતે લોકફાળા પેટે ભરવાના હતા તે સમયસર ન ભરાતા હાઉસ કનેક્શન ની કામગીરી ટલ્લે ચડી છે. જો દિવસ ત્રણમાં હાઉસ કનેક્શન કામગીરી શરૂ નહીં કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચીમકી આ તકે ઉચ્ચારી હતી. આ તકે મહામંત્રી રાજુભાઈ ગરાણીયા, અરુણાબેન પંડ્યા, જીતુભાઈ ભાલાળા, રૂબીના પઠાણ, પ્રતિભાબેન જોષી, ઘનશ્યામભાઈ દેલવાડિયા, સહિતના કાર્યકરો ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# મોટા ગોખરવાળા-વાંકીયા ગામની શેત્રુંજી નદીમાંથી રેતી ચોરી કરતા વાહનો ઝડપાયા

અમરેલી,તા.૩૧



અમરેલીના મોટા ગોખરવાળા અને વાંકીયા ગામની શેત્રુંજી નદીમાં રેતી ચોરી કરતા તત્વો સામે ખાણ ખનીજ વિભાગે કાર્યવાહી કરી હતી. અહીં ખાણ ખનીજ વિભાગે ૬ લોડર, ૭ ડમ્પર અને ૧૨ ટ્રેકટર ઝડપાયા હતા. ૧.૭૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. અમરેલી ખાણ ખનીજ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે જિલ્લા કલેકટર તથા ભુસ્તરશાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ જાન્યુઆરી માસમાં ખાણ અને ખનીજ કચેરીની ટીમે ગોખરવાળા પુલ નીચે શેત્રુંજી નદીના પટ્ટ ખાતે ૫ લોડર, ૩ ડમ્પર અને ૨ ટ્રેકટર તેમજ વાંકીયા ખાતેની શેત્રુંજી નદી પટ્ટમાંથી એક લોડર, ૩ ડમ્પર અને ૧૦ ટ્રેકટર કબ્જે કરવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લામાં આમ ૬ લોડર, ૭ ડમ્પર અને ૧૨ ટ્રેકટરમાં ખનીજ ચોરી ઝડપાઈ હતી. ખાણ ખનીજ વિભાગે ૧.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને દંડાત્મક કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલીની કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં 'AI ફોર સ્ટુડન્ટ્સ' વર્કશોપ યોજાયો : ૩૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

અમરેલી,તા.૩૧



શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે કવચ કેન્દ્ર અંતર્ગત "એ.આઈ. ફોર સ્ટુડન્ટ્સ" વિષય પર એક વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. કવચ કેન્દ્ર કોઓર્ડીનેટર ડૉ. એ. બી. ગોરવાડીયા દ્વારા આયોજિત આ વર્કશોપમાં બી.સી.એ.ના પ્રાધ્યાપક પ્રો. નિલેશભાઈ પારઘી તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં બી.કોમ. સેમેસ્ટર-૨ના વિદ્યાર્થી હર્ષિલ જોશી દ્વારા પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. એ. બી. ગોરવાડીયાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ વર્કશોપમાં કોલેજના બી.કોમ. તથા બી.બી.એ.ના કુલ ૩૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રો. નિલેશભાઈ પારઘી દ્વારા વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (છૈં) ના પ્રકારો, વિદ્યાર્થી જીવનમાં તેનો સલામત ઉપયોગ કઈ રીતે કરવો, તેમજ છૈં ના માધ્યમથી અર્નિંગ (કમાણી) કઈ રીતે કરી શકાય તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંતમાં ડૉ. ગોરવાડીયાએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ અને કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવીયાએ શુભેચ્છાઓ પાઠવી હતી.






# સા.કુંડલાની કે.કે. મહેતા હોસ્પિટલમાં વૃધ્ધાનું જટિલ ઓપરેશન સફળ

સાવરકુંડલા, તા.૩૧

સાવરકુંડલાની કે.કે. મહેતા સરકારી હોસ્પિટલે તબીબી ક્ષેત્રે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. મોટા ઝિંઝુડા ગામના ૯૩ વર્ષીય વયોવૃદ્ધા જીવુબેન, જેમને ડાબા થાપાનો ગોળો ફાટી જવાથી અસહ્ય દુખાવો હતો, તેમનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું છે. દર્દી છેલ્લા ૧૦ વર્ષથી હૃદયરોગ અને હાઈપરટેન્શન જેવી ગંભીર બીમારીઓથી પીડાતા હતા.

જોકે, ફિઝિશ્યન ડો. દેવાંશી પટેલની સલાહ અને હાઈ રિસ્ક ફિટનેસ મળ્યા બાદ, ઓર્થોપેડિક સર્જન ડો. નિર્માણ લુણાગરીયા અને એનેસ્થેસ્ટિક ડો. દિનેશ સોલંકીએ સાવચેતીપૂર્વક આ જોખમી ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડ્યું હતું.









### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૦/૨૦૨૬

અરજદાર : શ્રી થૈયમ શાબિરા સાદિક ડો/ઓ કુંડલીયા ઈસુબભાઈ કાસુભાઈ
સરનામુ : મું.નવા બંદર, તા.ઉના જિ.ગીરસોમનાથ

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસર શ્રી નગરપાલિકા - જાફરાબાદ મું.જાફરાબાદ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરસોમનાથ જિલ્લાના **ઉના તાલુકાના નવા બંદર** ગામના **શ્રી થૈયમ શાબિરા સાદિક ડો/ઓ કુંડલીયા ઈસુબભાઈ કાસુભાઈ** એ **પોતે નામે શ્રી કુંડલીયા શાબિરા ઈસુબભાઈ નું** જન્મ તા.૧૨/૦૪/૧૯૮૧ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એમ.જી.નાગર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૫/૦૧/૨૦૨૬**

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૩૫૮/૨૦૨૬

અરજદાર : શ્રી ભાવુભાઈ ભીમભાઈ વાળા
સરનામુ : મું.વડલી, તા.જાફરાબાદ જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી - વડલી મું.વડલી તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વડલી** ગામના **શ્રી ભાવુભાઈ ભીમભાઈ વાળા** એ તેમના **પિતા નામે શ્રી ભીમભાઈ પાલાભાઈ વાળા નું** મરણ તા.૨૧/૦૬/૨૦૦૬ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વી.એચ.ગંગાજળીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫**

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૩/૨૬ — તા.૧૬/૦૧/૨૦૨૬

વિવાદી :- **શ્રી સૈયદ સતારભાઈ અલારખાભાઈ**
**રહે.ભગવતીપરા બાબરા, તા.બાબરા, જી.અમરેલી મો.૯૫૭૪૯૩૩૨૨૫**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી જગદિશ જી. આસોદરીયા એડવોકેટ, તાલુકા પંચાયત સામે, રેલ્વે સ્ટેશન રોડ, મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી મો.૯૩૧૬૦૬૮૪૫૬**

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી મુ.ચાવંડ, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ચાવંડ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો સૈયદ સતારભાઈ અલારખા નો જન્મ તા.૦૨/૦૬/૧૯૬૪ ના રોજ ચાવંડ, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૨/૦૧/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

**-:: જાહેર નોટીસ ::-**

### -//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.39/2026
જન્મ તારીખ : 15/06/1986

શ્રી કરીમભાઈ આમદભાઈ સોરઠીયા,
રહે.દામલી, ગામ-દામલી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત દામલી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...**સામાવાળા**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી કરીમભાઈ આમદભાઈ સોરઠીયા, રહે.દામલી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી કરીમ આમદભાઈ સોરઠીયા તથા અલીમાબેન કરીમ સોરઠીયા ના પુત્ર અસરફ કરીમભાઈ સોરઠીયાનો જન્મ તારીખ.**15/06/1986**ના રોજ કોડીનાર તાલુકાના દામલી મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૮/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ

**કલેકટરે નલ સે જલ યોજના અન્વયે કામગીરીનો અહેવાલ મેળવ્યો**



અમરેલી,તા.૩૧

અમરેલી ખાતે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા પણ ઉપસ્થિત રહ્યા હતા.આ તકે જિલ્લા કલેક્ટરે જિલ્લાની પાણી પુરવઠા યોજનાઓ, નલ સે જલ યોજના અન્વયે પૂર્ણ થયેલી કામગીરીનો અહેવાલ મેળવ્યો હતો. ઉપરાંત જે કામગીરી પ્રગતિ હેઠળ છે તે બાબતે સમીક્ષા હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, નલ સે જલ યોજનામાં ૩૩૯ યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે જે પૈકી ૩૩૫ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે. હાલ ૦૪ ગામની યોજનાઓ અને કામ પ્રગતિ હેઠળ છે. જેમાં અમરેલીના વરસડા ખાતે પંપ હાઉસ કામગીરી શરૂ છે જે ફેબ્રુઆરી ૨૦૨૬ના અંત સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. ઉપરાંત સાવરકુંડલાના મોટા ઝીંઝુડા મુકામે પાઈપલાઈન નાંખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. ઉલ્લેખનીય છે કે, તા.૨૯ જાન્યુઆરી,૨૦૨૬ની સ્થિતિએ જિલ્લામાં ઓગમેન્ટેશન ટેપ કનેક્ટિવિટી ઈન રુરલ એરિયા અને નલ સે જલ યોજના અન્વયે નળ કનેક્શન માટે ૮૨૬ ગામ અને પરાઓ પૈકી ૮૧૯ ગામ અને પરાઓની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

# લીલીયામાં બેંક કર્મચારીના નામે સાયબર ફ્રોડઃ ક્રેડિટ કાર્ડ બંધ કરાવવાના બહાને OTP મેળવી રૂ.૧.૬૨ લાખની છેતરપિંડી

લીલીયા, તા. ૩૧

અમરેલી જિલ્લાના લીલીયા પંથકમાં સાયબર ગઠિયાઓએ વધુ એક વ્યક્તિને પોતાનો શિકાર બનાવ્યો છે. મુંબઈની SBI બેંકના કર્મચારી હોવાની ખોટી ઓળખ આપી, એક મહિલાના ક્રેડિટ કાર્ડમાંથી ગણતરીની મિનિટોમાં રૂ.૧,૬૨,૮૯૨ ઉપાડી લેવાતા ચકચાર મચી ગઈ હતી. વિશાલકુમાર માનસીંગભાઈ ચૌધરી (ઉ.વ.૨૪)એ ૯૩૦૫૭૭૬૯૪૨ વાળો અજાણ્યો ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી., જે મુજબ ગત તા. ૦૨/૦૪/૨૦૨૫ ના રોજ ફરિયાદીના માતાના મોબાઈલ નંબર પર એક અજાણ્યા નંબર (૯૩૦૫૭૭૬૯૪૨) પરથી કોલ આવ્યો હતો. કોલ કરનાર શખ્સે હિન્દી ભાષામાં વાત કરી પોતે મુંબઈની SBI બ્રાન્ચનો કર્મચારી બોલે છે તેવી ખોટી ઓળખ આપી હતી. તેણે ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતા કે તેમના માતાનું ક્રેડિટ કાર્ડ બંધ કરવાનું છે.ક્રેડિટ કાર્ડ બંધ કરવાની પ્રક્રિયાના બહાને ઠગબાજે ફરિયાદીના માતાના મોબાઈલ પર એક પછી એક OTP (વન ટાઈમ પાસવર્ડ) મોકલ્યા હતા. ફરિયાદીએ સાચી બેંકનો કર્મચારી સમજીને આ OTP આપી દીધા હતા. OTP મળતાની સાથે જ સાયબર માફિયાએ ક્રેડિટ કાર્ડના ખાતામાંથી ફરિયાદીની જાણ બહાર કુલ ૧૨ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરીને રૂા. ૧,૬૨,૮૯૨ની ઓનલાઈન છેતરપિંડી આચરી હતી.પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા ફરિયાદીએ આ બાબતે લીલીયા પોલીસ મથકે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પોલીસે આ મામલે સાયબર ક્રાઈમની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. લીલીયા પોલીસ સ્ટેશનની પી આઈ એમ.ડી.સાળુંકે વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં અયોધ્યાની 'અખંડ જ્યોત'નું આગમન : ભવ્ય શોભાયાત્રા સાથે મંગલ સ્થાપન



સાવરકુંડલા, તા.૩૧

અયોધ્યા રામ મંદિર અને હનુમાન ગઢીથી પ્રજ્વલિત દિવ્ય 'અખંડ જ્યોત'નું સાવરકુંડલામાં ભક્તિમય વાતાવરણમાં આગમન થયું છે. આ પ્રસંગે તાત્કાલિક હનુમાનજી આશ્રમથી કેવડાપરા સુધી ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી, જેમાં ગોપી મહિલા મંડળ અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. ઢોલ-નગારા અને પુષ્પવર્ષા વચ્ચે નીકળેલી આ યાત્રા બાદ આશ્રમમાં વેદોક્ત મંત્રોચ્ચાર સાથે જ્યોતનું સ્થાપન કરાયું હતું. ભક્તો માટે ઘરે બેઠા અયોધ્યાના આશીર્વાદ સમાન આ જ્યોતના દર્શન કરવા આશ્રમ દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ખાંભાના ખડાધાર ગામે કૌટુંબિક પ્રસંગે હાજર ન રહેતા ચાર શખ્સોનો મહિલા પર હુમલો

ખાંભા, તા. ૩૧

ખાંભા તાલુકાના ખડાધાર ગામે લગ્ન પ્રસંગની ખુશીના માહોલ વચ્ચે કૌટુંબિક અદાવતમાં હિંસક હુમલો થતા ચકચાર મચી ગઈ હતી. દિયરની દીકરીના માંડવા પ્રસંગે હાજર ન રહેવા જેવી સામાન્ય બાબતનું મનદુઃખ રાખીને ચાર શખ્સોએ એક મહિલા અને તેના પુત્રને લાકડીઓ તથા ઢીકાપાટુ વડે બેરહેમ માર માર્યો હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. આ અંગે કાળીબેન સામંતભાઈ સોલંકી (ઉં.વ.૬૦) એ બાબુભાઈ જીવાભાઈ સોલંકી, મુનાભાઈ બાબુભાઈ સોલંકી, જગાભાઈ જીવાભાઈ સોલંકી તથા અજયભાઈ જગાભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી.મળતી વિગત મુજબ, ગત તા. ૨૯/૦૧/૨૦૨૬ ના રોજ ફરિયાદી મહિલાના દિયરની દીકરીઓના લગ્ન હોવાથી તેનો માંડવો બાબુભાઈ જીવાભાઈ સોલંકીના ઘરે રાખવામાં આવ્યો હતો. તેમને આરોપી સાથે અગાઉથી અબોલા હોવાથી તેઓ માંડવા પ્રસંગે ગયા ન હતા. આ વાત આરોપીને ખરાબ લાગતા તે ઉશ્કેરાઈ ગયો હતો. આરોપીએ તેના ઘરે આવી તેમને અને તેના દીકરા સંજયભાઈને બેફામ ગાળો આપી હતી અને મહિલાને સાથળના ભાગે લાકડીનો ફટકો મારી દીધો હતો. ત્યારબાદ શરીરે તથા હાથના ભાગે લાકડી વડે માર માર્યો હતો.ત્રાસ અહીં જ ન અટકતા, મહિલાને ઢીકાપાટુનો માર મારી ફળિયામાં ધક્કો મારી પછાડી દીધી હતી. તેના દીકરા સંજયભાઈ પર આડેધડ હુમલો કરી ડાબી આંખના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. હુમલો કર્યા બાદ તમામ આરોપીઓએ જતી વખતે ધમકી આપી હતી કે, 'હવે જો તું બહાર નીકળીશ તો તને જાનથી મારી નાખવાની ધમકી છે.' આ હિંસક બનાવ બાદ ઈજાગ્રસ્ત માતા-પુત્રએ સારવાર મેળવી પોલીસમાં ન્યાયની માંગ કરી છે.

# કુંકાવાવના તાલાળી ગામે મગફળી કાઢતી વખતે પુરુષનો થ્રેસરમાં પગ આવી ગયો

કુંકાવાવ, તા.૩૧

કુંકાવાવ તાલુકાના તાલાળી ગામની વાડીમાં મગફળી કાઢતી વખતે એક પુરુષનો પગ થ્રેસરમાં આવી જતાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. મનસુખભાઈ વલ્લભભાઈ બુટાણી (ઉ.વ.૫૨) એ જાહેર કર્યા મુજબ, તાલાળી ગામની સીમમાં હિતેશભાઈ જયંતીભાઈ બુટાણી પોતાના પરિવારના સભ્યો સાથે વાડીમાં થ્રેસર દ્વારા મગફળી કાઢવાનું કામ કરી રહ્યા હતા. કામ દરમિયાન અચાનક તેમનો સંતુલન બગડતા અથવા અન્ય કોઈ કારણોસર તેમનો ડાબો પગ હલરના કાઉન્ટર ભાગમાં આવી ગયો હતો. મશીનની ગતિ વધુ હોવાથી પગમાં ગંભીર ઈજાઓ થતાં તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. ઘટના બાદ તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આમ, ખેતીકામ કરતી વખતે ખેડૂતને ગંભીર ઈજા પહોંચતા પરિવારમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી હતી.

# બાબરા તાલુકાના ખાખરીયા ગામની મુલાકાતે કલેકટર વિકલ્પ ભારદ્વાજ



બાબરા,તા.૩૧

બાબરા તાલુકાના ખાખરીયા ગામે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે ઔપચારિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ગ્રામ પંચાયત, આંગણવાડી કેન્દ્ર, પ્રાથમિક શાળા તેમજ સબ સેન્ટરની મુલાકાત લઈ ત્યાંની કામગીરી અને સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, પોલીસ ઈન્સ્પેક્ટર તેમજ અન્ય અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. કલેક્ટરે વિવિધ વિભાગોની કામગીરી અંગે સંતોષ વ્યક્ત કરીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ અવસરે ગામના સરપંચ વિપુલભાઈ કાચેલાએ કલેક્ટરનું શાલ ઓઢાડી તથા પુષ્પગુચ્છ આપી સન્માન કર્યું હતું.

**તારાથી થાય તે કરી લેજે અને તારે જ્યાં જવું હોય ત્યાં જજે કહી**

# ધારીના વીરપુર ગામે યુવક પર હુમલો : પરિવારને પણ જાનથી મારી નાખવાની ધમકી

**બંન પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી**

ધારી,તા.૩૧

ધારી તાલુકાના વીરપુર ગામે સામાન્ય બાબતે એક યુવકને આંતરીને માર મારવામાં આવ્યો હોવાની અને ત્યારબાદ અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપવાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. આ મામલે બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી.મળતી માહિતી મુજબ, વીરપુર ગામે રહેતો ઉમેશભાઈ હસમુખભાઈ દાફડા (ઉ.વ.૨૧)એ તેમના જ ગામના લાલભાઈ ચંપુભાઈ વાળા તથા અનિરૂધ્ધભાઈ ચંપુભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ સાંજના આઠેક વાગ્યાના અરસામાં પોતાના ભાઈ માટે માવો લેવા જઈ રહ્યો હતો. આ દરમિયાન રસ્તામાં બે શખ્સોએ તેને ઉભો રાખ્યો હતો. કોઈ પણ કારણ વગર ગાલ પર ચાર-પાંચ ઝાપટો મારી હતી, તેમજ પ્ત ભાગે પાટું મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. હુમલો કર્યા બાદ આરોપીઓએ ઉદ્ધતાઈપૂર્વક કહ્યું હતું કે, 'તારાથી થાય તે કરી લેજે અને તારે જ્યાં જવું હોય ત્યાં જજે.'યુવકે ઘરે જઈને આ બાબતે વાત કરતા, તેના કૌટુંબિક સભ્યો અને સાક્ષીઓ આરોપીઓને સમજાવવા માટે ગયા હતા. જોકે, આરોપીઓ સમજવાને બદલે એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ફરિયાદી તેમજ સાહેદોને બેફામ ગાળો આપવા લાગ્યા હતા. આરોપીઓએ તારે જ્યાં જવું હોય ત્યાં જાવ, તમારું કંઈ નહીં થાય. અહીંથી જતા રહો નહીંતર જાનથી મારી નાખીશું તેમ પણ કહ્યું હતું. જે મુજબ તેઓ સાંજના આઠેક વાગ્યે પોતાના ઘરે ઓફિસે આરામ કરતા હતા. આરોપી રસ્તામાં જેમફાવે તેમ મોટર સાયકઈલ ચલાવી નીકળતા તેમણે આરોપીને સમજાવતા સારું નહોતું લાગ્યું અને જેમફાવે તેમ ગાળો આપી મૂઢ માર મારી જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૫૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૯૦૧ | ૧૦૯૦ |
| બાજરી | ૩૦૦ | ૩૭૩ |
| તુવેર | ૯૮૦ | ૧૭૦૦ |
| ચણા પીળા | ૯૮૦ | ૧૧૩૧ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૯૯૧ |
| અડદ | ૧૦૫૦ | ૧૭૨૦ |
| મગ | ૧૦૨૦ | ૧૯૨૩ |
| વાલ દેશી | ૮૭૬ | ૧૧૦૮ |
| ચોળી | ૮૦૦ | ૧૨૬૯ |
| મઠ | ૧૦૮૧ | ૨૧૧૧ |
| વટાણા | ૩૫૦ | ૧૩૦૦ |
| કળથી | ૩૭૫ | ૪૫૦ |
| રાજમા | ૩૦૦ | ૧૫૭૫ |
| મગફળી જાડી | ૧૨૮૦ | ૧૫૮૦ |
| મગફળી જીણી | ૧૨૯૦ | ૧૬૦૦ |
| તલી | ૧૫૭૫ | ૨૧૩૧ |
| એરંડા | ૧૧૦૯ | ૧૨૪૯ |
| અજમો | ૨૦૦૦ | ૩૨૨૦ |
| સુવા | ૧૬૦૦ | ૧૯૫૦ |
| સોયાબીન | ૯૯૫ | ૧૧૦૩ |
| સીંગફાડા | ૧૧૫૦ | ૧૭૩૦ |
| કાળા તલ | ૩૦૨૦ | ૪૪૦૦ |
| લસણ | ૧૦૧૧ | ૧૫૬૫ |
| ધાણા | ૧૩૭૦ | ૧૯૦૦ |
| મરચા સુકા | ૨૩૦૦ | ૫૩૦૦ |
| ધાણી | ૧૬૨૦ | ૨૩૦૫ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૪૦૦૧ | ૪૫૦૧ |
| રાય | ૧૧૨૦ | ૧૬૮૮ |
| મેથી | ૬૫૦ | ૧૧૧૫ |
| અશેરીયો | ૧૧૪૫ | ૧૧૪૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૯૧ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૦૪૦ |

**રાજકોટ(શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૮૩ | ૪૬૮ |
| પપૈયા | ૫૮ | ૧૫૪ |
| બટેટા | ૧૧૪ | ૨૨૩ |
| ડુંગળી સુકી | ૬૧ | ૩૩૦ |
| ટમેટા | ૧૯૭ | ૩૬૧ |
| સુરણ | ૫૪૩ | ૮૨૩ |
| કોથમરી | ૧૫૪ | ૨૩૫ |
| મુળા | ૨૧૪ | ૩૯૭ |
| રીંગણા | ૧૯૮ | ૪૪૮ |
| કોબીજ | ૬૧ | ૧૨૯ |
| ફ્લાવર | ૨૧૩ | ૫૦૪ |
| ભીંડો | ૪૫૩ | ૯૯૮ |
| ગુવાર | ૧૦૦૩ | ૧૭૮૧ |
| ચોળાસીંગ | ૫૪૭ | ૯૯૮ |
| વાલોળ | ૨૩૧ | ૫૨૪ |
| ટીંડોળા | ૫૯૧ | ૧૧૯૫ |
| દુધી | ૧૬૨ | ૩૮૩ |
| કારેલા | ૬૩૧ | ૯૪૫ |
| સરગવો | ૫૭૩ | ૧૧૯૧ |
| તુરીયા | ૬૭૧ | ૧૧૪૪ |
| પરવર | ૧૬૦૧ | ૧૯૯૮ |
| કાકડી | ૨૨૯ | ૭૪૯ |
| ગાજર | ૧૪૬ | ૨૮૫ |
| વટાણા | ૩૧૫ | ૪૯૩ |
| તુવેરસીંગ | ૩૩૯ | ૫૮૯ |
| ગલકા | ૫૯૭ | ૯૩૧ |
| બીટ | ૬૫ | ૨૩૮ |
| મેથી | ૮૯ | ૨૨૪ |
| વાલ | ૪૨૯ | ૬૪૮ |
| ડુંગળી લીલી | ૨૦૪ | ૩૮૭ |
| આદુ | ૧૦૪૮ | ૧૨૭૮ |
| ચણા લીલા | ૧૦૨ | ૩૨૩ |
| મરચા લીલા | ૪૦૭ | ૬૯૮ |
| હળદર લીલી | ૪૪૯ | ૭૧૫ |
| લસણ લીલું | ૪૨૬ | ૯૧૮ |
| મકાઇ લીલી | ૧૨૪ | ૩૧૯ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૮૧ | ૧૫૮૬ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૧૨ | ૬૦૦ |
| સિંગ ફાડીયા | ૧૧૦૦ | ૧૮૯૧ |
| એરંડા / એરંડી | ૧૦૭૬ | ૧૨૯૧ |
| જીરૂ | ૩૫૫૧ | ૪૭૬૧ |
| ધાણા | ૯૦૧ | ૨૧૫૧ |
| ડુંગળી લાલ | ૬૬ | ૩૩૬ |
| અડદ | ૧૦૧૧ | ૧૭૬૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૭૦૦ |
| નવા ધાણા | ૧૦૦૧ | ૨૩૨૬ |
| નવી ધાણી | ૧૧૦૧ | ૩૨૦૧ |
| નવું જીરૂ | ૨૩૦૧ | ૪૬૯૧ |
| સફેદ ચણા | ૧૦૧૧ | ૧૮૦૧ |
| ધાણી | ૧૦૦૧ | ૨૨૧૧ |
| ડુંગળી સફેદ | ૧૮૧ | ૨૫૧ |
| ચણા | ૯૦૧ | ૧૧૨૬ |
| સોયાબીન | ૭૧૬ | ૧૦૯૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૬૦ | ૨૪૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૬૦૦ |
| કોબી | ૪૦ | ૨૪૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૮૦ | ૪૦૦ |
| કાકડી | ૧૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૧૨૦ | ૩૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૨૦૦ | ૭૦૦ |
| વાલ | ૧૮૦ | ૮૦૦ |
| વટાણા | ૧૮૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| લીલી હળદર | ૭૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૭ |
| તાંજરીયા પુરા | ૨ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચ્રૂણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૧ | ૩ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૧૫ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૪૦૦ |
| વાલોર | ૮૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૪૦૦ |
| ફણશી | ૧૪૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૧૨ |
| પાલક પુરા | ૧ | ૪ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૧૭૦ | ૧૫૩૫ |
| ગીરનારી શિંગ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| શિંગ મોટી | ૧૨૨૦ | ૧૫૭૫ |
| શિંગ દાણા | ૧૪૩૦ | ૨૦૦૦ |
| શિંગ ફાડા | ૧૫૨૫ | ૧૯૪૦ |
| તલ સફેદ | ૧૦૮૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૨૫૭૦ | ૪૧૪૫ |
| તલ કાશ્મીરી | ૨૧૭૫ | ૨૧૭૫ |
| જુવાર | ૩૦૦ | ૧૦૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૭૫ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૦ |
| મકાઇ | ૪૦૫ | ૪૨૦ |
| અડદ | ૧૨૭૫ | ૧૪૦૦ |
| ચણા | ૭૬૦ | ૧૦૭૫ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૦૫૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૬૬૦ |
| કપાસ | ૭૦૦ | ૧૬૨૫ |
| એરંડા | ૧૧૫૫ | ૧૨૭૦ |
| જીરૂ | ૨૧૦૦ | ૪૫૨૫ |
| ધાણી | ૧૩૫૦ | ૨૦૫૦ |
| અજમા | ૧૧૦૦ | ૨૪૬૦ |
| મેથી | ૭૫૦ | ૯૪૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૯૫ |
| મરચા લાંબા | ૧૬૮૦ | ૬૦૫૦ |
| નવી ધાણી | ૧૨૦૦ | ૧૮૦૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૪૦ |
| રીંગણાં | ૪૦૦ | ૬૩૦ |
| ફુલાવર | ૨૬૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૨૦ |
| શક્કરિયા | ૫૦૦ | ૬૦૦ |
| ટામેટા | ૧૬૦ | ૩૮૦ |
| સુરણ | ૭૩૦ | ૭૮૦ |
| ગાજર | ૨૦૦ | ૩૬૦ |
| દૂધી | ૨૧૦ | ૨૫૦ |
| કારેલા | ૭૦૦ | ૯૫૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| મૂળા | ૧૫૦ | ૨૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૭૫૦ | ૨૨૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| વટાણા | ૪૦૦ | ૪૪૦ |
| ચોળા લીલાં | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| આમળા | ૫૦૦ | ૮૦૦ |
| વાલ | ૪૦૦ | ૫૩૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૦૫૦ |
| ચણા લીલાં | ૧૦૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૧૭૦ | ૨૧૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૫૦ |
| બીટ | ૨૦૦ | ૨૯૦ |
| તુવેર | ૪૦૦ | ૫૪૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૧૯૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૩૦૦ |
| મરચા લાલ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૩૫૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૬૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૬૦૦ |
| લસણ સૂકું | ૯૦૦ | ૧૫૦૦ |
| પાલક | ૩૦૦ | ૩૮૦ |
| લીંબુ | ૨૨૦ | ૩૩૦ |
| મકાઇ | ૨૪૦ | ૩૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૬૨૫ |
| કપાસ મીડીયા | ૧૨૮૦ | ૧૩૮૦ |
| મગફળી | ૧૨૨૫ | ૧૫૫૫ |
| તલ સફેદ | ૧૬૩૦ | ૧૮૬૦ |
| જીરૂ | ૩૨૩૦ | ૪૪૬૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૬૫ |
| ચણા | ૯૨૩ | ૧૦૫૭ |
| તુવેર | ૧૦૦૫ | ૧૫૧૫ |
| સોયાબીન | ૭૮૫ | ૯૯૫ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૬૬ | ૧૫૮૧ |
| કપાસ સી ગ્રેડ | ૧૦૦ | ૬૮૫ |
| તુવેર | ૧૪૯૫ | ૧૪૯૫ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૩૦૫ | ૧૪૮૦ |
| લાલ તુવેર | ૧૩૦૦ | ૧૩૭૦ |
| સફેદ તુવેર | ૧૬૦૦ | ૧૬૭૫ |
| શિંગ દાણા | ૧૩૬૦ | ૧૬૦૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૨૪૦ | ૧૫૬૧ |
| મગફળી ૩૨ નં | ૧૨૦૦ | ૧૫૨૬ |
| બાજરી હાઈબ્રીડ | ૩૩૦ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૫૫૬ |
| રાયડો | ૯૦૦ | ૧૦૫૪ |
| તુવેર | ૧૧૮૦ | ૧૬૮૪ |
| જુવાર | ૮૨૧ | ૧૧૧૧ |
| અડદ | ૯૧૧ | ૧૭૧૨ |
| સફેદ તલ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૩૦૦ |
| સોયાબીન | ૯૮૦ | ૧૧૨૫ |
| કાંગ | ૪૦૦ | ૫૮૪ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૬૬૮ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૨૩ |
| ઘઉં ટુકડા | ૫૦૫ | ૫૧૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૪ |
| ધાણા | ૧૫૧૫ | ૧૭૯૦ |
| તલ કાળા | ૩૭૩૦ | ૩૭૩૦ |
| સોયાબીન | ૮૮૦ | ૧૧૦૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૩૫૫ |
| તુવેર | ૧૪૬૦ | ૧૬૧૨ |
| શિંગ દાણા | ૧૬૦૦ | ૧૬૨૧ |
| તલ સફેદ | ૧૦૫૦ | ૧૯૬૫ |
| રાય | ૧૫૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૫૦૦ | ૮૯૦ |
| એરડી | ૧૦૯૦ | ૧૦૯૦ |
| લસણ | ૬૦૦ | ૬૩૫૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શિંગ | ૧૩૦૦ | ૧૪૮૨ |
| તલ સફેદ | ૧૧૫૦ | ૧૯૨૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૨૧ |
| બાજરો | ૪૦૦ | ૪૫૬ |
| ઘઉં ટુકડા | ૫૧૮ | ૫૭૧ |
| જુવાર | ૭૭૫ | ૧૧૭૧ |
| અડદ | ૧૨૫૦ | ૧૩૪૦ |
| તુવેર | ૧૩૩૭ | ૧૫૭૬ |
| ચણા | ૮૫૦ | ૯૭૦ |
| મેથી | ૯૧૧ | ૯૧૧ |
| સોયાબીન | ૮૮૨ | ૮૮૨ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૧ | ૧૬૩૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૦૧ |
| ચણા | ૭૦૧ | ૧૦૩૬ |
| અડદ | ૮૫૧ | ૧૩૦૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૫૫૬ |
| મગફળી | ૧૦૦૧ | ૧૪૮૬ |
| શિંગ ફાડા | ૧૩૦૧ | ૧૭૦૧ |
| તલ સફેદ | ૧૪૦૧ | ૧૯૩૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૯૦૧ |
| સોયાબીન | ૮૦૧ | ૧૧૧૧ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શિંગ-જીણી | ૧૪૦૦ | ૧૬૧૦ |
| શિંગ મોટી | ૧૪૦૦ | ૧૬૭૦ |
| જીરૂ | ૪૨૨૫ | ૪૫૪૦ |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૨૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૭૦ |
| બાજરો | ૩૯૦ | ૬૦૯ |
| જુવાર | ૬૦૦ | ૧૧૦૦ |
| અડદ | ૭૫૦ | ૧૩૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૭૦૩ |
| એરડી | ૧૧૦૦ | ૧૨૨૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૭૨૧ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૮૦ |

**જામનગર**

| | | |
|---|---|---|
| બાજરો | ૩૦૦ | ૪૪૫ |
| ઘઉં | ૩૫૦ | ૫૫૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૧૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચોળી | ૯૦૦ | ૧૨૯૦ |
| વાલ | ૮૦૦ | ૯૬૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૭૨ |
| ચણા | ૯૫૦ | ૧૧૪૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૭૪૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૪૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૨૫ |
| મગફળી ૬૬નં. | ૧૧૦૦ | ૧૬૯૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૪૯ |
| રાયડો | ૯૫૦ | ૧૨૬૫ |
| રાય | ૧૦૦૦ | ૧૪૯૦ |
| લસણ | ૮૦૦ | ૧૭૩૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૪૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૪૫૦૦ |
| અજમો | ૧૫૦૦ | ૬૦૫૦ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૩૦૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૯૦૫ |
| મરચા | ૧૩૦૦ | ૬૦૦૦ |
| ડુંગળી | ૪૦ | ૩૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૧૧૪ |
| વટાણા | ૮૦૦ | ૧૦૫૫ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬



06

**વાર્તા વિશ્વ : બાદલગઢમાં શ્વેતા સાથે આવી રીતે બહાર નીકળવું યોગ્ય તો ન લાગ્યું**





06

**સપ્તરંગ:નામ હૈયે હોય નહિ, તો હાથ ન આવે હરિ...!**

# યુજીસી નિયમો: ભેદભાવના નિયમોમાં ભેદભાવ !



સરસંઘચાલક મોહન ભાગવતજી એવું કહે છે કે દરેક મસ્જિદમાં શિવલિંગ ન શોધવું જોઈએ તો પછી દરેક સવર્ણમાં પણ અત્યાચારી ન શોધવો જોઈએ ને? પણ ૧૩ જાન્યુઆરીએ આવેલા યુજીસીના નિયમોથી તો આવો જ સંદેશ ગયો છે.

મોદી સરકાર ડીપ સ્ટેટના એજન્ડાનો જાણે-અજાણે અમલ કરી રહી છે. અમેરિકામાં આ પ્રકારનો એજન્ડા ઑલરેડી ચાલી રહ્યો છે. આ એજન્ડાની બત્તી કૉંગ્રેસના સામ્યવાદીઓ રાહુલ ગાંધીને પકડાવે છે, રાહુલ ગાંધી એ વાતનો મુદ્દો બનાવે છે અને દર વખતે સંઘ કે ભાજપ તેના છટકામાં આવી જાય છે. દા.ત. રાષ્ટ્ર સેવિકા સમિતિની સ્થાપના સંઘના ૧૧ જ વર્ષમાં થઈ હતી. પરંતુ રાહુલ ગાંધી સંઘમાં મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ છે તેવો મુદ્દો ઉપાડ્યો. તે પછીના વિજયાદશમીના ઉત્સવમાં પર્વતારોહક મહિલા સંતોષ યાદવ મુખ્ય અતિથિ હતા. કેરળમાં જેમ એક શિક્ષણ સંસ્થામાં મુસ્લિમ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ વચ્ચે આડશ (પાર્ટિશન) રાખી ભણાવાય છે તો કોઈ વિરોધ થાય છે?

રાહુલ ગાંધીએ ગરીબોની વાત કરી. કોરોનાના સમયમાં જરૂરી પણ હતું. પરંતુ આજે છ વર્ષ પછી પણ ૮૦ કરોડ ગરીબોને નિઃશુલ્ક રાશન આપવામાં આવી રહ્યું છે. કેજરીવાલની મફતની યોજનાઓને ભાજપે રેવડી કહી પરંતુ પછી રાહુલ ગાંધીએ પણ આ વાતને ઝીલી લીધી. તે પછીની ચૂંટણીઓમાં ભાજપે મહિલાઓ અને વિદ્યાર્થીઓ માટે આ પ્રકારની રેવડીની જાહેરાતો કરી ચૂંટણી જીતી જ છે.

ગત લોકસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીએ જોરશોરથી દલિતો, આદિવાસીઓ અને પછાતોને તેમની જનસંખ્યા પ્રમાણે હિસ્સેદારી આપવાની વાત કરી હતી. આ ઉપરાંત જાતિ આધારિત વસતિ ગણતરી કરવાની પણ વાત કરી હતી. એ વાત અલગ છે કે કર્ણાટકમાં કૉંગ્રેસ સરકાર દ્વારા આ પ્રમાણે વસ્તી ગણતરી થઈ હોવા છતાં આંકડા જાહેર થયા નથી. પરંતુ એના પગલે મોદી સરકારે પણ જાતિ આધારિત વસ્તી ગણતરી જાહેરાત કરી હતી.

હવે યુજીસીના નિયમો દ્વારા સરકારે જાતિવાદને ડામવાના બહાને જાતિવાદને વકરાવવાનું કામ કર્યું છે. સરકાર તરફી હિન્દુઓ કેવી પાંગળી દલીલ કરે છે ! આ તો સર્વોચ્ચ ન્યાયાલયનો આદેશ હતો. ડાબેરી ઇન્દિરા જયસિંહે પીઆઈએલ કરી હતી. નિયમો બનાવનાર સમિતિના અધ્યક્ષ કૉંગ્રેસી દિગ્વિજયસિંહ છે ! (૨૦૦૮ના મુંબઈ આક્રમણમાં આરએસએસને ઉત્તરદાયી ઠરાવનારને સમિતિના અધ્યક્ષ કોણે અને કેમ બનાવ્યા?) સર્વોચ્ચના એક-એક આદેશનું માનતા હોય તો ૨૦૧૮ના એટ્રોસિટી ધારા અંગેના આદેશને પણ માનો ને ! ૨૦૧૮માં સર્વોચ્ચે દહેજ કેસોમાંય તાત્કાલિક ધરપકડ ન કરવા નિર્દેશ આપ્યો હતો. તેનું પાલન કેમ ન થયું? સમિતિમાં ભાજપના વિધિ વિશેષજ્ઞ રવિશંકર પ્રસાદ, અધિવક્તા બાંસુરી સ્વરાજ, સંબિત પાત્રા સહિત ૧૬ સભ્યોને માત્ર ભથ્થાં લેવા બેસાડ્યા હતા? શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન સહિત ભાજપના નેતાઓના સંતાનો વિદેશ ભણે/ભણ્યા છે એટલે તેમને અહીં શું થઈ શકે તેની ગંભીરતા ક્યાંથી હોય?

સવર્ણોના ઉકળાટને ઠારવાની વાત તો ઘરે ગઈ, ઉલટું તેમના પર ઉકળી ઊઠેલાઓએ એ પણ સમજવું જોઈએ કે એટ્રોસિટી ઍક્ટ સામે સવર્ણોએ આંદોલન કર્યું નથી. મોદી સરકાર સામે કોઈ મુદ્દો બનાવ્યો નથી. ૨૦૧૮ સર્વોચ્ચ ન્યાયાલયે કહ્યું હતું કે એટ્રોસિટી ઍક્ટમાં પહેલા તપાસ થાય અને પછી આરોપી ઠરે તો જેલ થવી જોઈએ ત્યારે દલિતોએ ઉગ્ર આંદોલન કર્યું હતું. વડાપ્રધાન મોદી ઝૂકી ગયા. આદેશનો અમલ મોકૂફ રાખ્યો. મુસલમાનોના ધરણા અને અનેક શહેરોમાં હિંસાના લીધે સીએએના નિયમો ચાર વર્ષો સુધી બનાવાયા નહોતા.

દિલ્લીની સીમાને ખેડૂતોએ બ્લૉક કરી દીધી હતી. ઉત્તર પ્રદેશ અને પંજાબમાં ચૂંટણી આવતી હતી તેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કૃષિ કાયદાઓ પાછા ખેંચવા જાહેરાત કરી હતી.

આનો અર્થ એ થયો કે જે સમાજ, જે સમૂહ રસ્તા પર ઉતરી ઉગ્ર આંદોલન કરે છે, જેના મતો સંગઠિત છે તે સરકાર પાસે પોતાનું ધાર્યું કરાવે છે.

**યુજીસીના નવા નિયમો ભયાવહ છે. સમાજમાં જાતિ-જાતિ વચ્ચેની ખાઈ વકરાવનારા છે. આ નિયમો માત્ર દલિત-સવર્ણો જ નહીં, દલિત-ઓબીસી, પુરુષ-મહિલા, સાજા વ્યક્તિ-દિવ્યાંગ વચ્ચેની ખાઈ પણ પેદા કરશે તેવું જણાઈ રહ્યું છે.**

દુઃખદ રીતે સવર્ણોના પક્ષે રજૂ કરનાર એક પણ પક્ષ નથી. બધા પક્ષો જાણે છે કે સવર્ણો ક્યારેય રસ્તા પર આવી ઉગ્ર હિંસક આંદોલન કરવાના નથી. તેમનો નોકરી-ધંધો ઠપ થશે, તેમને જેલ થશે તો તેમની સહાય કરનારું કોઈ નહીં હોય. તેમને કેસ લડવા કપિલ સિબલ, અભિષેક મનુ સિંઘવી જેવા નેતા કોઈ પૂરા નહીં પાડે. વળી, સવર્ણો સંગઠિત રીતે મતદાન કરતા નથી. ૨૦૦૪માં ભાજપે પછડાટ ખાધી તોય 'નૉ એન્ટ્રી'ના સલમાન ખાનની જેમ ભાજપે ૨૦૨૪માં તેની મત બૅંકને ખિસ્સામાં સમજી, બીજાને પટાવવા જતાં ભૂંડી પછડાટ ખાધી હતી. ૨૦૨૪ની રાજ્યોની ચૂંટણીમાં 'બટેંગે તો કટેંગે'નું સૂત્ર આપનાર ભાજપ અત્યારે સમાજને 'બાંટેંગે' 'તો' (મતો કી ફસલ) 'કાટેંગે'ની રાજનીતિ પર ચાલી રહ્યો હોય તેવું લાગે છે.

યુજીસીના નિયમો દ્વારા દલિતો, આદિવાસીઓ, ઓબીસી, મહિલાઓ અને દિવ્યાંગોને પ્રસન્ન કરવામાં ખાઈ વકરી ગઈ છે. અહીં તો દલિતોની સાથે ઓબીસી, મહિલા અને દિવ્યાંગોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અનેક વિશેષજ્ઞોનું કહેવું છે કે ઓબીસીમાં ઘણી જાતિ લડાયક છે દાખલા તરીકે જાટ, ગુર્જર, (ગુજરાતના) ઠાકોર અને કોળી. તેમને કોઈ ક્યાંથી કંઈ કહેવાની હિંમત કરી શકે. અખિલેશ યાદવ અને લાલુ પ્રસાદ યાદવનો પરિવાર સત્તામાં આવે છે ત્યારે ઘણા યાદવોને અપરાધ, દાદાગીરી માટે મોકળું મેદાન મળી જાય છે. માનો કે અખિલેશ-લાલુ સત્તામાં આવી ગયા, તો શું યુજીસીના નિયમોનો આ શક્તિશાળી અને સરકાર બનાવવાની શક્તિ ધરાવતા પણ ટૅક્નિકલી ઓબીસીમાં આવતા યાદવ સમાજના કેટલાક લોકો દ્વારા દુરુપયોગ નહીં થાય?

મહિલાઓ તરફથી કાયદાઓનો દુરુપયોગ થાય છે તેમ ન્યાયાલયો પણ કહે છે. અનેક પતિઓને આપઘાત કરવાના વારા આવ્યા છે. અનેક પતિઓની હત્યા થઈ છે. અનેક પરિવારો વિંખાઈ ગયા છે. અનેક બાળકો પિતાવિહોણા બની ગયા છે. ત્યારે યુનિવર્સિટી પણ શું આવા બધા કેસોનો અખાડો નહીં બની જાય? રાજસ્થાનના નરેશ ચમાર નામના દલિત ભાઈએ તો ઑન કેમેરા આ બાબત સ્વીકારી છે કે એટ્રોસિટી કાયદાનો દુરુપયોગ કરી તેના દ્વારા વેર વસૂલવામાં આવે છે અને સાથોસાથ કમાણી કરવામાં આવે છે. અંદાજે એક-એક કેસમાં સમાધાનના નામે ચાલીસ હજાર રૂપિયા પડાવવામાં આવે છે. આ જ રીતે 'દૈનિક ભાસ્કર'એ સ્ટિંગ ઑપરેશન કરી ઘટસ્ફોટ કર્યો હતો કે હની ટ્રેપમાં ફસાવવા દલાલો છોકરીઓ પૂરી પાડે છે.

પરીક્ષા સમયે જ કોઈ સવર્ણ વિદ્યાર્થી પર દલિત, ઓબીસીએ કે કોઈ યુવક સામે યુવતીએ ખોટી ફરિયાદ કરી તો તે વિદ્યાર્થીની કારકિર્દી નહીં રોળાઈ જાય? કોઈ સવર્ણ યુવતીને કોઈ દલિત યુવક પ્રેમનો પ્રસ્તાવ મૂકશે અને તે યુવતી ના પાડશે અને તેની સામે એટ્રોસિટીનો કેસ કરશે તો શું કરશો? આમાં માત્ર વિદ્યાર્થીઓ ઉપરાંત પ્રાધ્યાપકો પણ ભેખડે ભરાવાની પૂરેપૂરી સંભાવના છે.

ભવિષ્યમાં આવા નિયમોમાં અમેરિકાની જેમ અશ્વેત, એલજીબીટીક્યૂનો પણ સમાવેશ નહીં કરાય તેવી કોઈ સંભાવના ખરી? ભવિષ્યમાં તે માધ્યમિક શાળા અને પ્રાથમિક શાળામાં નહીં લાગુ કરાય તેની કોઈ ખાતરી ખરી? ખાનગી સંસ્થાઓમાં મહિલાઓના શોષણ માટેની સમિતિ તો છે જ પરંતુ રાહુલ ગાંધી મુદ્દો બનાવશે તો ખાનગી સંસ્થાઓમાં પણ અનામત આપવાની વાત નહીં આવે અને આ પ્રકારના ભેદભાવ વિરોધી નિયમો નહીં આવે તેની શું ખાતરી?

**વિચાર વલોણું**



**જયવંત પંડ્યા**

યુનિવર્સિટીઓમાં દલિત, આદિવાસીના નામે ક્રિપ્ટો ક્રિશ્ચિયન બૌદ્ધ કે ક્રિપ્ટો મુસ્લિમ વિદ્યાર્થી ફરિયાદ કરશે તો શું? પહેલાં ક્રિપ્ટો ક્રિશ્ચિયન, બૌદ્ધ કે મુસ્લિમની અલગ ઓળખ કરી તેમને દલિત અને આદિવાસી તરીકેની માન્યતામાંથી બહાર કાઢવાની આવશ્યકતા છે. તેમના લીધે સાચા દલિત અને આદિવાસીઓને અનામતનો લાભ મળતો નથી. (આના માટે 'સાધના'ના તંત્રી ભાનુભાઈ ચૌહાણનું પુસ્તક 'આદિવાસીઓનો આર્તનાદ-ડિલિસ્ટિંગ' વાંચવું જોઈએ.)

દલિતોમાં પણ ઊંચી-નીચી જાતિ હોય છે. તેમાં પણ એટ્રોસિટી થાય છે. તો પેટા નીચી જાતિઓને કેમ બાકાત રખાઈ? બિહારમાં તો અતિ પિછડાની રાજનીતિ છે. જામિયા મિલિયા ઈસ્લામિયામાં પ્રાધ્યાપક રિયાઝઉદ્દીને આદિવાસી વિદ્યાર્થીને જાતિવિષયક અપશબ્દ કહી નિતંબ પર લાત મારી કાઢી મૂક્યો હતો. ૨૦૨૦માં કેરળમાં એક મુસ્લિમ પરિવારે દલિત કૉલોનીને પાણીનો સપ્લાય અટકાવી દીધો હતો. આવા કેસમાં કેમ ઉહાપોહ નથી થતો? યુજીસીની સમાનતા સમિતિમાં માત્ર દલિત, ઓબીસી, આદિવાસી, દિવ્યાંગ અને મહિલાનો સમાવેશ કરી પહેલેથી સામાન્ય વર્ગ, પુરુષ અને સ્વસ્થ વ્યક્તિ દોષી છે તેવું માની લેવાયું છે.

૨૦૦૮માં પાટણની ટીચર્સ ટ્રેનિંગ કોલેજનો દલિત વિદ્યાર્થિની પર સામૂહિક બળાત્કારનો અત્યંત ઘૃણા ઉપજાવે તેવો કેસ અત્રે ઉલ્લેખનીય છે. આ કિસ્સામાં છ આરોપી દોષી ઠર્યા હતા. ૧. મનીષ પરમાર, ૨. અશ્વિન પરમાર. ૩. મહેન્દ્ર પ્રજાપતિ, ૪. કિરણ પટેલ, ૫. સુરેશ પટેલ અને ૬. અતુલ પટેલ. અર્થાત અપરાધ કરવામાં બધા જ વર્ગના લોકો સહભાગી હતા. અધૂરામાં પૂરું, કિરણ પટેલ પર તે વખતે આક્ષેપ હતો કે તે અપંગ છે, નપુંસક છે પરંતુ સૌથી વધુ અત્યાચારી તે હતો. વર્ગખંડમાં ખરાબ કોમેન્ટ કરવી, વિદ્યાર્થિનીઓને ખરાબ રીતે સ્પર્શવી વગેરે નીચ કામ કરતો. મૈથુન કરવા અક્ષમ હોવાથી પીડિતા પાસે મુખમૈથુન કરાવતો હતો. એવા સમાચાર તે વખતે હતા કે કિરણ પટેલની બદલી એટલા માટે નહોતી થતી કારણકે તે અપંગ હતો. તેના પ્રત્યે લોકોની સહાનુભૂતિ હતી. બધા વિકલાંગોની વાત નથી બધા દિવ્યાંગોની વાત પણ નથી, પરંતુ કિરણ પટેલ જેવા કોઈ અપંગ હોય જ નહીં તેવું માનવું ભૂલભરેલું છે.

બ્રાહ્મણો, વાણિયાઓને અને ક્ષત્રિયોને ફિલ્મોમાં વિલન ચિતરાયા છે. ડાબેરીઓ અને જય ભીમની રાજનીતિવાળા તો બ્રાહ્મણોને ખલનાયક માને છે. રાજદની કંચન યાદવે તો ઑન કેમેરા કહ્યું છે કે સવર્ણોને ખોટા કેસ કરી ફસાવવા જોઈએ. જેએનયૂની દીવાલો પર બ્રાહ્મણવાદથી મુક્તિ, બ્રાહ્મણો કેમ્પસ છોડો આવાં સૂત્રો લખાય છે. બ્રાહ્મણો, વાણિયા અને ક્ષત્રિયોને પણ તેમના જાતિ વિષયક અપશબ્દોથી સંબોધાતા હોય છે. આ જાતિઓના લોકોને ફરિયાદનો કોઈ કાનૂની અધિકાર નહીં?

ઘણી વાર એવા કિસ્સા બને છે કે યુવતીની ઈચ્છા પૂરી ન થાય તો તે યુવક પર ખોટા બળાત્કારના આક્ષેપો કરે છે. વિશ્વવિદ્યાલયમાં આ નવા નિયમ હેઠળ આવું થવા લાગશે તો યુવકોની કારકિર્દી શું રોળાઈ નહીં જાય? માત્ર વિદ્યાર્થીઓ જ નહીં, આ નિયમો થકી અધ્યાપકોને માથે પણ લટકતી તલવાર રહેશે. તેઓ આ 'પીડિત' વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીની ભૂલ કાઢતા, તેને ઠપકો આપતા અથવા તેને નાપાસ કરતા ડરશે. આ માત્ર કપોળ કલ્પિત વાત નથી, હકીકત છે.

૨૦૧૯માં ચેન્નાઈની પ્રેસિડેન્સી કોલેજમાં એક વિદ્યાર્થિનીએ તેના પ્રિન્સિપાલ પર જાતીય સત્તામણીનો કેસ કર્યો હતો. તેના પ્રૉફેસરોનું એવું કહેવું હતું કે વિદ્યાર્થિનીએ નાપાસ થવાથી આ પગલું ભર્યું છે. ૨૦૧૭માં કેરળના કોટ્ટયમ જિલ્લામાં પેરા મેડિકલ અને નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટ ચલાવતા ૪૦ વર્ષના ખ્રિસ્તી શિક્ષક સી.ડી. જોમોન પર તેની એક વિદ્યાર્થિનીએ બળાત્કારનો કેસ કર્યો હતો. આઠ વર્ષ પછી વિદ્યાર્થિનીએ ન્યાયાલયમાં સ્વીકાર્યું કે એ શિક્ષકના વિરોધીઓના કહેવા પર તેણે ખોટી ફરિયાદ નોંધાવી હતી.

એવું કહેવાનો આશય નથી કે પુરુષો મહિલાઓ પર અત્યાચાર નથી કરતા, દલિતોને સવર્ણો દ્વારા અન્યાય થતો જ નથી, સર્વાંગ સંપૂર્ણ વ્યક્તિઓ દ્વારા દિવ્યાંગોનું અપમાન કે તેમને અન્યાય નથી થતો. આવું થાય જ છે એટલે ભેદભાવની ફરિયાદની જોગવાઈ હોવી જ જોઈએ. ભેદભાવ તેમજ અન્યાય કરનારા સામે કડક સજા થવી જ જોઈએ પરંતુ ખોટી ફરિયાદ કરનારાને એટલી જ કડક સજા થવાની જોગવાઈ કેમ નથી? યુજીસીના નિયમોની વિરુદ્ધ બોલી રહેલા હિન્દુવાદીઓની આ માગણીમાં ખોટું શું છે?

મોદી સરકાર કે ભાજપની રાજ્ય સરકારો કરે તે બધું સાચું જ, સારું જ એવું માની લેવાની ભૂલ ન કરવી જોઈએ. મોદીજી પોતેય એવું નથી માનતા. ઉત્તરાખંડ અને મધ્ય પ્રદેશમાં ઘોર વિરોધીઓને સરકારમાં ઉચ્ચ પદ આપવા સામે વિરોધ થયો અને નિર્ણય પાછા ખેંચાયા હતા. ગત વર્ષે અમદાવાદ પુસ્તક મેળામાં વિલિયમ ડેલરિમ્પલ સહિત ડાબેરીઓ લેખકોને બોલાવાયા હતા. પ્રગટ વિરોધ થયો. એટલે સત્રો રદ કરાયા હતા. સરકારના બધા નિર્ણયોને માસ્ટરસ્ટ્રોક કહી વધાવી લેતા સરકારી હિન્દુઓ મોદીજીનું હિત કરતા અહિત વધુ કરે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે પણ કહ્યું હતું કે ગમે તેવી મહાન વ્યક્તિ હોય, આપણી સ્વતંત્રતા તેનાં ચરણોમાં ન ધરી દેવી જોઈએ. (આ લેખકે આ મુદ્દે 'સાધના'માં લેખ લખ્યો હતો.) ગત ૨૫ નવેમ્બરે મધ્ય પ્રદેશમાં આઈએએસ અધિકારી સંતોષ વર્માએ કહ્યું હતું કે જ્યાં સુધી કોઈ બ્રાહ્મણ પોતાની દીકરીનું દાન ન આપે અથવા મારા દીકરા સાથે સંબંધ ન બનાવે ત્યાં સુધી અનામત ચાલુ રહેવી જોઈએ. આવું કોઈ સવર્ણએ કહ્યું હોત તો? ૧૯૯૩માં કાંશીરામ-માયાવતીનું સૂત્ર હતું કે 'તિલક, તરાજુ ઓર તલવાર ઈન કો મારો જૂતે ચાર'. માનો કે સવર્ણોનો જ પક્ષ બને અને દલિતો માટે આવું સૂત્ર જાહેરમાં પ્રસારિત કરે તો? તેઓ જેલમાં પુરાઈ જાય પરંતુ કાંશીરામ અને માયાવતીને કંઈ થયું નહીં. પરંતુ સવર્ણો વગર સત્તા નહીં મળે એ સત્ય સમજાતાં માયાવતીને ચૌદ વર્ષ લાગ્યા. ૨૦૧૪માં સોનિયા ગાંધીની કઠપૂતળી સરકારના સાંપ્રદાયિક હિંસા ખરડામાં એવું માની લેવાયું હતું કે હિંસા માટે ઉત્તરદાયી કોઈ પણ હોય, હિન્દુ જ જેલમાં જશે આ ખરડાના લીધે કૉંગ્રેસ સરકાર ગઈ હતી. યુજીસીના નિયમો પણ આવા જ એક તરફી છે. મોદીજી ઈતિહાસબોધ સારી રીતે જાણે છે. તેઓ ઈતિહાસનું પુનરાવર્તન નહીં જ કરે.

**નોંધ: તાજા સમાચાર અનુસાર, સર્વોચ્ચ ન્યાયાલયે આ નિયમો પર રોક લગાવી દીધી છે. તેણે કહ્યું છે કે આ નિયમો અસ્પષ્ટ અને દુરુપયોગ થાય તેવા છે.**


jaywant.pandya@gmail.com


# મધર ઓફ ઓલ ડીલ – જવાબ અને વિકલ્પ

એક વર્ષથી આખી દુનિયામાં બે ત્રણ શબ્દો ખુબ ઉછળી રહ્યા છે, પ્રસિદ્ધિ પામીને આખી દુનિયાની આમ જનતાની જીભે ચઢી ચુક્યા છે. એ બે શબ્દો છે, ટેરિફ અને ટ્રેડ ડીલ. જ્યારથી અમેરિકાના પ્રમુખ તરીકે ટ્રમ્પ આરૂઢ થયા છે ત્યારથી એમણે આક્રમક વલણ અપનાવીને આ બે શબ્દોથી દુનિયા આખીને બાનમાં લીધી છે. અમારી સાથે ડીલ કરો નહીતર ટેરિફ ઠોકી દઈશ, નોબેલ પ્રાઈઝ માટે મારી ભલામણ કરો નહીતર ટેરિફ ઠોકી દઈશ. છેલ્લે પોતાના પાગિયા દેશો સિવાય કોઈ વિશ્વનેતાએ ભલામણ ન કરી એટલે બીજાને મળેલો નોબેલ લઈ લીધો. અમેરિકાના ઈતિહાસમાં આટલો વૈચારિક દરિદ્ર નેતા પ્રમુખપદ પર આવ્યો જાણ્યો નથી.

અમેરિકા દુનિયાની માત્ર ત્રીસ કરોડ જેટલી આબાદી ધરાવે છે, પણ અમેરિકનોની ખરીદશક્તિ ખુબ ઉંચી છે. માથાદીઠ વપરાશ વિશ્વના અન્ય દેશોની પ્રજા કરતા ખુબ મોટા છે. વીજળી, પાણી, કાર્બન ઉત્સર્જન જેવા પરિમાણો પર અમેરિકા વિશ્વમાં પહેલી હરોળનો દેશ છે. સ્વાભાવિક છે વપરાશ ઉંચો હોય તો માંગ મોટી રહેવાની જ છે. ડોલરનું વૈશ્વિક પ્રભુત્વ અને વિશ્વનું અવલંબન અમેરિકાને આર્થિક મોરચે સતત મજબૂત બનાવતા ગયા. ગરીબ દેશોને આર્થિક સહાય થકી અને ઉભરતા દેશોને યુદ્ધની ધમકીઓ દ્વારા એડી તળે રાખવાની અમેરિકાની નીતિઓ લાંબા ગાળા સુધી સફળ રહી હતી. વ્હાઈટ હાઉસના આદેશ જીલવા પાકિસ્તાન જેવા ભીખરી દેશોની એક કતાર લુખ્ખા દરબારીઓની જેમ ટ્રમ્પના દરબારમાં સતત કુરનીશો બજાવતી રહે છે. પોતાની સામંતશાહી માનસિકતાને પંપાળવા ટ્રમ્પ આ દેશોને બોટીઓ ફેંકતા રહે છે. પાકિસ્તાન જેવા દેશોના નેતાઓ પોતાનું અને દેશનું આત્મસન્માન અમેરિકાની યાત્રા વખતે પોતાના દેશમાં મૂકીને જાય છે.

લેખની શરૂઆતના બે શબ્દોના ઉલ્લેખમાં હવે ત્રીજો શબ્દ ઉમેરાયો છે, 'મધર ઓફ ઓલ ડીલ'. આ ડીલ યુરોપિયન યુનિયન અને ભારત વચ્ચે થઈ છે. આશરે અઢાર વર્ષથી આ દિશામાં કામ ચાલી રહ્યું હતું. અમેરિકાની ટેરિફ અંધાધૂંધીએ તેને ઝડપી અમલમાં લાવી દીધી. રશિયન ઓઈલ બાબતે જયારે ટ્રમ્પ દ્વારા ભારત પર ટેરિફ લાદવામાં આવ્યા ત્યારે ટ્રમ્પે યુરોપને પણ અપીલ કરી હતી કે તમે પણ ભારત પર ટેરિફ લગાવો, યુરોપ દ્વારા ટ્રમ્પની આ માંગણીનો સ્પષ્ટ ઈનકાર કરી દેવામાં આવ્યો હતો. ત્યારથી બધાને લાગી રહ્યું હતું કે હવે આ ડીલ થઈ જવી જોઈએ. યુરોપિયન યુનિયન ભારતનું સૌથી મોટું વેપાર ભાગીદાર છે. ગત નાણાકીય વર્ષમાં બંને વચ્ચે ૧૩૫ અબજ ડોલરનો દ્વિપક્ષીય વેપાર થયો હતો. આ કરારથી અનેક ક્ષેત્રોમાં વેપાર સંબંધોને વેગ મળશે. ભારત અને યુરોપ સંયુક્ત રીતે વિશ્વની ચોથા ભાગની આબાદી અને ચોથા ભાગની અર્થ વ્યવસ્થા ધરાવે છે. આ સોદાથી બંને છેડે શું શું આર્થિક લાભ થશે એ આવનારો સમય બતાવશે, પણ આર્થિક તજજ્ઞો કહી રહ્યા છે કે ભારત જેવી અર્થ વ્યવસ્થાને આ ડીલ બુસ્ટર ડોઝ જેવી સાબિત થશે. યુરોપ માટે ભારતની એકસો ચાલીસ કરોડ ગ્રાહકોની બજારના દરવાજા ખુલ્યા છે.

**રાજકીય રસધાર**



**પ્રવીણ માધાણી**

યુરોપિયન યુનિયનનું બજાર ભારતના કુલ નિકાસના ૧૭% જેટલો હિસ્સો ધરાવે છે, આમાં ખુબ મોટો વધારો થશે. યુરોપ જે ભારતમાં નિકાસ કરે છે એ એમના હિસ્સાના ૯% છે, જેમાં પણ મોટો વધારો થશે. બંને પક્ષે મળીને લગભગ ૨૦૦ કરોડની આબાદી વચ્ચે આ ડીલ છે. યુરોપ પોતાનું ચીન પરનું અવલંબન ખતમ કરવા માંગતું હતું, રશિયા પર ભરોસો મૂકી શકાય એમ નથી તો યુરોપ માટે ભારતથી વધુ સારો વિકલ્પ કોઈ ન હોઈ શકે. યુરોપ ભારતને દોઢસો કરોડના બજારથી ઉપર એક વિશ્વાસુ સાથી તરીકે જોઈ રહ્યું છે. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને કહ્યું હતું કે ભારત સફળ થશે તો વિશ્વ આખું વધુ સમૃદ્ધ અને સુરક્ષિત બનશે.

**INDIA HAS REASON AND EUROPE IS TRULY GLAD ABOUT IT. BECAUSE WHEN INDIA SUCCEEDS, THE WORLD IS MORE STABLE, MORE PROSPOROUS AND MORE SECURE AND WE ALL BENEFIT. – URSULA VON DER LEYEN.**

આ વ્યાપારિક સમજૂતીના પરિણામો લાંબાગાળે જોવા મળશે, પરંતુ અમેરિકા જેવા દેશને એક જવાબ અત્યારે જ મળી ગયો હોવો જોઈએ કે દુનિયા એમની મરજી પ્રમાણે નથી ચાલવાની. અત્યારના અત્યાધુનિક યુગમાં સમયની ગતિ ખુબ ઝડપી બની ગઈ છે. સૈકાઓની પ્રગતિ દાયકાઓમાં અને દાયકાની પ્રગતિ વર્ષોમાં થઈ જઈ રહી છે. ભારતનું દોઢ દાયકાનું સ્થિર અને સંતુલિત શાસન વિશ્વને આકર્ષી રહ્યું છે. ઘણી મુશ્કેલ સ્થિતિઓ છતાં ભારતમાં સ્થિરતા બની રહી છે અને વિકાસદર સૌથી ઝડપી રહ્યો છે. વિશ્વે એ પણ જોયું છે કે કોઈપણ આંતરરાષ્ટ્રીય કે આંતરિક દબાણ હેઠળ ભારત પોતાની નીતિઓમાં ફેરફાર નથી કરી રહ્યું. ભારતની આજની પોતાની રાજકીય અને આર્થિક મજબૂત સ્થિતિનો ભરપુર લાભ મળી રહ્યો છે.

ક્વિક નોટ – "ચીન પૂરી રીતે તૈયાર છે, અંત સુધી લડવા માટે. કેમકે દુનિયા એટલી મોટી છે અને અમેરિકા દુનિયાના બજારનો સમગ્ર હિસ્સો નથી. જો અમેરિકા પોતાને ચીનના બજારમાંથી સંપૂર્ણ રીતે બહાર કરવા માંગતું હોય, તો આવો જોઈ લો. ચીન અમેરિકાનું બજાર ગુમાવી દેશે. જેમ મેં કહ્યું કે એ કુલ નિકાસના ૧૫% છે. અમને પરવાહ નથી. ચીન પાંચ હાજર વર્ષથી અહિયાં છે, આ અધિકતર સમયમાં અમેરિકાનું અસ્તિત્વ પણ નહોતું અને અમે જીવિત રહ્યા છીએ, અગર અમેરિકા ચીનને ધમકાવવા માંગે છે તો અમે અમેરિકા વિના પણ સ્થિતિ સાંભળી લઈશું અને આવનારા પાંચ હજાર વર્ષો સુધી જીવિત રહેવાની અમારી ઉમ્મીદ પર કાયમ રહીશું."
– વિકટર ગાઉ – પ્રેસિડેન્ટ – સેન્ટર ફોર ચાઈના એન્ડ ગ્લોબલાઈઝેશન ■


production@infiniumpharmachem.com


# આંખો ભીની કેમ થાય છે ?

(૧) પ્રેમની પરીક્ષામાં કેટલા વિષય ભણવા પડે?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
મેં હજી નથી આપી આ પરીક્ષા!

(૨) પંખામાં ત્રણ પાંખડા જ કેમ હોય છે?
રાજેશભાઈ ડણાંક (અમરેલી)
હવે ઘરમાં મોટાભાગે પતિપત્ની બે અને એક બાળક હોય છે. ત્રણ જણા અને ત્રણ પાંખડા!

(૩) જો તબલા વગાડતા આવડે તો ઢોલ વગાડતા આવડે કે અલગથી શીખવું પડે?
જીગર યાદવ (ગુરુ) (દાત્રાણા-પાટણ)
પતંગ ઉડાડતા આવડે એનો અર્થ એ નહીં કે વિમાન ઉડાડતા પણ આવડે.

(૪) ટેસ્ટ, વન ડે અને ટી-ટ્વેન્ટી મેચમાં અલગ અલગ ટીમ શા માટે?
જય દવે (ભાવનગર)
રોજગારીની તકો વધારવા માટે.

(૫) તમારું કઈ બેન્કમાં ખાતું છે?
દર્શન પટેલ (વડોદરા)
ખાતાં બધી બેન્કમાં છે. રૂપિયા એક પણ ખાતામાં નથી.

(૬) તમે ક્યારે વૉકિંગ કરો?
રામભાઈ પટેલ (સુરત)
રોડ પર કૂતરાં ન બેઠા હોય ત્યારે.

(૭) આત્મા અમર છે; જીવ ફક્ત ખોળીયું બદલે છે. તો વસતી ૩૫ કરોડમાંથી ૧૪૬ કરોડ કેમ થઈ ગઈ?
કનુભાઈ પરમાર (દામનગર)
૧૪૬ કરોડમાં આત્મા, પરમાત્મા, જીવાત્મા, દેહાત્મા, મહાત્મા, દુષ્ટાત્મા એમ અનેક ખોળિયા આવી જાય છે.

(૮) આંખો ભીની કેમ થાય છે?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)
ડુંગળી સમારવાથી.

(૯) સાહેબ..! મન હોય તો માળવે જવાય..! તો માળવે એટલે શું?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીબા હાલ કેનેડા)
મન એટલે શું એ સમજી જશો એટલે માળવા એટલે શું એ સમજાઈ જાશે.

(૧૦) સાહેબ..! જંગલમાં મંગલ છે એ ખબર કેમ પડે?
ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીબા)
ખુદ મંગલ સ્ટેટ્સમાં મૂકીને કહે છે જંગલમાં મંગલ!

(૧૧) સાહેબ..! તમને ફિલ્મોમાં કામ કરવાનો રસ ખરો?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીબા)
આજકાલ મારા લાયક ફિલ્મો ક્યાં બને છે?!

**હાસ્યાય નમઃ**



**ડો. પ્રકાશ દવે**
**૯૫૭૪૩૭૪૪૫૩**

(૧૨) ઈન્સ્ટાગ્રામનું વજન કેટલા ગ્રામનું હોય છે?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
ગ્રામસેવકને પૂછો.

(૧૩) પાકા ભાઈબંધ માટે એમ કહેવાય છે કે એકબીજાનું પૂંછડું મુકતા નથી, માણસને તો પૂંછડું હોતું નથી છતાં એમ કેમ કહેવાય છે?
હરિભાઈ ધોરાજિયા (લીલીયા)
શક્ય છે કે આ કહેવત પ્રાણીઓ પરથી ઉતરી આવી હોય!

(૧૪) આજે દામ્પત્ય જીવન અને નોકરીધંધામાં ઘણા પાયમાલ થઈ ગયા છે. એનું કારણ શું?
ડાહ્યાભાઈ ઝ. આદોજા (લીલિયા મોટા)
તમારી સલાહ ન માનવાનું પરિણામ!

(૧૫) આપણા રાજકોટવાળા ગ્રીનલેન્ડ પર ટ્રમ્પની વક્રદ્રષ્ટિ પડશે તો?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
આપણે ઘેરઘેર લીંબુ-મરચા બાંધી દઈશું. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# નામ હૈયે હોય નહિ, તો હાથ ન આવે હરિ...!



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

નામમાં જ રામ રહે છે એમ અનુભવીઓ આ જગતને કહેતા ગયા છે. હરિનું નામ જેટલીવાર લો એટલીવાર નૂતન છે. એમાં પ્રતિક્ષણની નવ્યતાનો ભાવ જેનામાં હોય એને માટે જ નામ લીધું લેખે.

જપનો અર્થ પુનરાવર્તન ન થાય. કારણ કે જપ એક યજ્ઞ છે અને યજ્ઞની કોઈ પણ બે અગ્નિરેખ કે બે ધૂમ્રસેર સરખી હોતી નથી. સમુદ્રના ઘૂઘવતા જળ જેવી આ વાત છે. કિનારે ઊભા રહો રાતભર તો દરિયો આભમાં ધ્વનિતરંગો ઉછાળશે. એમાં પણ કોઈ બે ધ્વનિ સરખા ન હોય. સ્વરભેદ, તાલભેદ, લયભેદ કે માત્રાભેદ હોય. આ ભેદ જ અજાયબ સિમ્ફની રચે છે. સમુદ્ર પાસે સાત સ્વરોમાંથી માત્ર સા છે. સમુદ્ર સ્થાયી છે અને એટલે એને સા સ્વર જ અતિપ્રિય છે. અનંતકાળથી સાગરના દરેક કિનારે સરગમના પ્રથમ સ્વરનું ગુંજન ચાલે છે. એવું જ ગુંજન હરિનામનું જેમના હૈયે ચાલતું હોય એને હરિ હાથવગા હોય.

નરસિંહ હોય કે મીરાં, તુકારામ કે દયારામ.... પરંતુ એમના ચિત્તમાં, કલાપી કહે છે તેવી દમ-બ-દમ ઝીણી સિતારી જે વાગ્યા કરે છે એ હરિ નામની છે. ભક્તિ-પરંપરામાં એક શબ્દ જપાજપ કે અજપાજપ પણ છે. એનો અર્થ છે કે સતત નામ લેવાય તો એક એવી સ્થિતિ આવે કે નામનું રટણ સ્વયમેવ ચાલ્યા કરે. નામ લેવું ન પડે. જેમ રિયાઝનું સંગીતમાં મહત્ત્વ છે, રમત જગતમાં પ્રેક્ટિસનું મહત્ત્વ છે, એ જ રીતે શિક્ષણમાં સ્વાધ્યાયનો મહિમા છે અને અધ્યાત્મમાં નામનો મહિમા છે. જેમ એક વખતની પ્રેક્ટિસ કે થોડા સમય માટેનો સ્વાધ્યાય કે ક્યારેક ક્યારેકનો રિયાઝ જિંદગીમાં કંઈ જ ઉપલબ્ધ કરાવી આપતા નથી, એ જ રીતે ક્યારેક-ક્યારેકનું હરિનામ અંતઃકરણને થોડીવાર શુદ્ધ કરે છે ખરું, પરંતુ સાતત્ય સિવાય એ પરિણામદાયી ન નીવડી શકે. સાતત્ય એ જ તો એક કારણ છે કે સાવ બાઘા જેવા લાગતા માણસો જેઓ ખરેખર ભોળા અને બાઘાછાપ જ હતા, તેઓ આ ભવમાં જ પ્રથમ પરમ પદને પામ્યા અને એમની ઉંચાઈ લોક સ્વીકૃત બની. ભારતનો સમગ્ર મધ્યકાળ અવા મહાપુરુષાથી ભરેલો છે જેમાં સાવ અજ્ઞાનતામાં આળોટનારાઓ અન્ય લાખો લોકોના મોક્ષદાતા બન્યા હોય.

**આપણી અજ્ઞાનતાને આપણે બહુ સુરક્ષિત રીતે પકડી રાખેલી હોય છે. હરિનામ આપણને એ પકડમાંથી મુક્ત કરાવે છે**

ઘણીવાર આપણી અજ્ઞાનતાને આપણે બહુ સુરક્ષિત રીતે પકડી રાખેલી હોય છે. હરિનામ આપણને એ પકડમાંથી મુક્ત કરાવે છે. પછી જે મુક્તિ મળે છે એ જિંદગીને સહસ્ત્રદલ કમળની જેમ ખીલવાનો અવકાશ આપે છે. પછીના અનુભવો જ ભક્ત અને ભગવાનને એક સ્તરે લઈ આવે છે. જૂનાગઢની બજારમાં આવેલા પ્રવાસી અજાણ્યા વેપારીઓના બહાને સ્થાનિક મહાજનોએ નરસિંહ મહેતાની મજાક કરવાનો મોકો ઝડપી લીધેલો છે. વેપારીઓએ કહ્યું કે અમે તો નાના માણસો છીએ, પરંતુ અમારા ગામમાં નરસિંહ મહેતા બહુ મોટા શેઠ છે. એની પાસે હૂંડી લખાવો તો તમને દ્વારકામાં એમની પેઢી રોકડા ગણી દેશે. ટોળે વળેલા વેપારીઓ વચ્ચે નરસિંહે હૂંડીમાં ધરાર સહી કરવી પડી.

કિસ્સો બહુ જાણીતો છે, પરંતુ એ હૂંડી જયારે શામળશા શેઠના હાથમાં આવી ત્યારે શામળશા શેઠે કહ્યું કે એ તો નરસૈંયા શેઠને મારી મજાક કરવાની ટેવ છે, બાકી ખરેખર તો એ મારો શેઠ છે અને હું દ્વારિકામાં એમનો વાણોતર છું, અમે તો એમના સેવકો છીએ. પ્રેમાનંદે લખ્યું છે અને કૃષ્ણના મુખમાં વાક્ય મૂક્યું છે કે નરસિંહ તો અમારો શેઠ છે અને અમને વેચે તો અમે વેચાઈ જઈએ એવા અમે એને આધીન છીએ. હરિનામની હેલી જેના હૃદયમાં ચાલતી હોય એ ધીરે ધીરે હરિને લગોલગ પહોંચે છે. પછી એમાં કોણ શેઠ અને કોણ વાણોતર એ નક્કી જ નથી. અને એનું કારણ નામનું સાતત્ય છે. હોઠ પર રમતું નામ ક્યારે હૈયે પહોંચે એ નક્કી નથી. કોઈને ઘડી-બ-ઘડીમાં પહોંચે તો કોઈને મનવંતરો વીતી જાય. ભરતગૂંથણની ભાત ઉપસાવતી વેળાએ કાપડ પણ જોવું પડે. એટલે હૃદયની માલિપાનું કાપડ કેવું છે એના પર પણ આધાર છે કે હરિનામનું ભાતચિત્ર કેવું ઉપસશે.

આ સંસારમાં નામ લીધે જ બેડો પાર છે એવું નથી. પણ તમારો નિર્ણય હોય અને સુભાષિતકાર કહે છે એમ લોભીને ધન તરફનું જે ચુંબકત્વ અનુભવાતું હોય એવી જ 'તાણ્ય' હરિનામ તરફ અનુભવાય અને નિષ્પ્રયાસે જપ ચાલ્યા કરે તો એ નામ જ તમારે માટે રામ છે. પ્રેમભિક્ષુજી મહારાજ સંકીર્તનના પુરસ્કર્તા. છતાં એમણે વારંવાર કહ્યું કે કામ કરતા રહો અને રામનું નામ લેતા રહો. પ્રહલાદે નામ જ લીધું છે. નામના જાદુથી અલખનો આરાધ જામેલો છે. એમાં એક જુઓ ને એક ભૂલો એવી નામનિપજ મૂર્તિઓ છે. નામ જે વાંચવા કે સાંભળવા મળે છે તે તો પરપ્રકાશિત હોય છે ને જે સ્મરણ કરવા મળે એ જ સ્વયંપ્રકાશિત હોય છે. આમ પણ આંગળીના ટેરવે ફરતા જપમાળાના નાકા તો અખાએ કહ્યું એમ ક્યારનાય ઘસાઈ ગયા છે પણ એ નાકે નાકેય મહાન ભક્તરાજ આપણને મળ્યા છે. જેમના હાથે ભલે બાહ્યાચાર પૂરતી કે મનના આલંબનની માળા ચાલતી હોય પણ હૃદયમાં નામયજ્ઞ ધધખતો હોય. તેઓ ધન્ય છે. હોઠેથી નામને હૈયે પહોંચાડવાનો મારગડો જો મળે તો પછી કંઈ કરવાનું રહેતું નથી. જેને નામની સમજણ છે અને એમાં જ ડૂબેલા છે એણે પોથાં કે થોથાં ઉથલાવવાની શું તમા ? ■

# બાદલગઢમાં શ્વેતા સાથે આવી રીતે બહાર નીકળવું યોગ્ય તો ન લાગ્યું




લઘુનવલકથા
યોગેશ પંડયા

આનંદને શ્વેતા તાકી રહી. આનંદનો સુદૃઢ બાંધો, વાંકડિયા વાળ, પડછંદ સીનો, ગોરો વાન. આનંદના વ્યક્તિત્વથી તે આકર્ષાઈ ગઈ. એ ટગર ટગર આનંદ સામે તાકી જ રહી. કદાચ જિંદગીમાં આ એવો પહેલો બનાવ હતો કે કોઈ તેના દિલને ટચ કરી રહ્યું હતું. તેના લોહીમાં એક અજબ ખેંચાણ આવ્યું અને રોમેરોમ એક ઝણઝણાટી વ્યાપી ગઈ.

આનંદની સ્વપ્નિલ લાગતી ભાવુક આંખોના મહાસાગરમાં તે પોતે જાણે માછલી બનીને તરતી હતી. તેનું યુવાન હૃદય ઉર્મિઓથી છલકાઈ વળ્યું..કાશ! આવો કોઈ પુરુષ તેના જીવનમાં હોય.. તો??

આનંદે ચા પીને કપ-રકાબી ટિપોઈ પર મૂક્યા ત્યાં જ ચંદ્રકાન્તભાઈ આવી પહોંચ્યા. આનંદને જોઈને તેમના સ્વરમાં આવકારો અને ઉમળકો ઊભરાઈ આવ્યો. 'આવો, આવો, આનંદભાઈ. ક્યારના રાહ જોતા હતા?'

'બસ દસ-પંદર મિનિટ થઈ સાહેબ.' કહેતો તે ઊભો થયો.

'અરે બેસો, બેસો. હું અહીંયાં દેવરાજભાઈને ત્યાં ગયો હતો. એની દીકરીને આજ ચાંદલો કરવા આવવાના હતા એટલે ડાયરામાં બોલાવેલો.'

''હા, શ્વેતાબહેને મને કહ્યું.'

'કાલે ' આવવું... આવવું ' કરતો હતો પછી રૂપાની સાથે વાડીએ ચાલ્યો ગયો.'

'અરે સારું કર્યું. હું ઘણી વાર એમની વાડીએ જાઉં''

'રાવજીભાઈ કેટલાય દિવસથી કહેતા હતા અને કાલે રવિવાર હતો. અમથુંય મારે કોઈ ખાસ કામ નહોતું. નીકળી ગયો.'

'શું? પછી ક્યારે રજામાં નીકળો છો?'

'આમ તો એ માટે જ આપને વાત કરવા આવ્યો છું. થયું કે છાપું વાંચતો આવું અને વાત કરતો આવું! હમણાં જ સુખરામ ટપાલ આપી ગયો. ઘરે યાદ કરે છે. પરમ દિવસે બળેવ છે એટલે થાય છે કે હવે કાલ નીકળું.'

''ઊપડો તમતમારે, બપોરની લોકલમાં નીકળવું હોય તોય છૂટ છે!'

'પણ કાલ શાળા ચાલુ છે એનું?'

'એની ચિંતા ન કરશો. હું પોતે જ કહું છું પછી શું? તમારો વર્ગ સંભાળી લઈશ..'

''રિપોર્ટ મૂકતો જાઉં છું.' કહી, રિપોર્ટ, એક ચોથિયા કાગળમાં લખીને ચંદ્રકાન્તભાઈને આપ્યો અને પછી ઊભો થયો. નોમને દિવસે લગભગ આવી જઈશ. કદાચ એક-બે દિવસ રોકાઉં તો અગિયારસને દિવસે તો પાક્કું જ.'

'ચિંતા નહીં કરતા. રોકાજો.'

'આભાર સાહેબ.' કહી તેણે ડગલું ભર્યું કે શ્વેતા બોલી ઊઠી, 'પપ્પા, હું જાઉં એમના ઘરે?'

'જાને, પણ પછી તરત જ પાછી આવજે. તારી મમ્મી તો દેવરાજભાઈને ત્યાંથી મોડી આવશે. રસોઈ બાકી છે.'

'હા પપ્પા, હું હમણાં જ આવી.'કહેતી તે આનંદની સાથે જ નીકળી.

બાદલગઢમાં શ્વેતા સાથે આવી રીતે બહાર નીકળવું યોગ્ય તો ન લાગ્યું, પણ પોતે કરેય શું? શ્વેતા સાવ અડોઅડ ચાલતી હતી અને આનંદ આઘો આઘો ખસતો હતો. પૂનમચંદ શેઠની દુકાન પાસે પહોંચ્યા ત્યારે અરજણ હજી ત્યાં જ બેઠો હતો. શ્વેતા અને આનંદ આમ ભરબજારે જોડાજોડ ચાલતા નીકળ્યા કે અરજણ દાંત ભીંસતાં બોલી ઊઠ્યો, 'એક આ માસ્તરે હવે હદ કરી છે, કાકા.'

પૂનમચંદ હસ્યો, 'હા અરજણિયા, એણે તો હવે ગામની શરમ મેલી દીધી છે. હે રામ, શો કળજગ આવ્યો છે?'અરજણિયા, તું કાંઈક કર્ય.'

પૂનમચંદે અરજણને બરાબરનું ઝેર પાયું અને ખુન્નસ અરજણની રગમાં દોડવા લાગ્યું. આનંદ નજીક આવ્યો કે અરજણ બકી ઊઠ્યો, 'આ ટણપીનાને વગે કરવા મારે કાંઈક કારહો કરવો પડશે નહિતર તો આ આખું ગામ બગાડી મેલશે.'

'કાંટે કાંટો ભાંગીશ ત્યારે જ મેળ પડશે અરજણિયા, કાંટો કાંટાથી જ ભાંગે. હાથે નહીં, પણ પગે કમાડ વાળ્ય, અરજણ ! પગે કમાડ વાળજે.' પૂનમચંદે મોટેથી કહ્યું. જો કે આનંદ બન્નેનાં વેણ સાંભળી ગયો હતો. અરજણ પોતાની સામે કતરાઈને જ બોલ્યો હતો એટલે આનંદે ઊભા રહીને જ, મોઘમમાં કહી દીધું, 'કાંટે કાંટા ભાંગવા જાવ છો તો ખરા પણ કાંટો પગમાં જ ન ભાંગી જાય એનું ધ્યાન રાખજો બેય પાછા, નહિતર પછી એની કપાસી થઈ જાય અને પછી એ કપાસી કઠે બહુ!! ... તે તો બરાબર જાણો છોને? શું કહો છો શેઠિયા? કહેતો એ હસતો હસતો ચાલ્યો ગયો.

અરજણ સન્ન થઈ ગયો. પૂનમચંદ મૂંગો બની ગયો. એ અરજણ સામે તાકી રહ્યો. આનંદ અને શ્વેતા ઘરે પહોંચે ન પહોંચે એ પહેલાં તો એક છોકરો દોડતો દોડતો આવ્યો, 'સાહેબ, સાહેબ તમને બોલાવે છે.'

'ક્યાં?'

'સરપંચના ઘરે બોલાવે છે એમ કીધું છે.'

'કોણ?'

'કો'ક સાહેબની મોટર આવી છે.'

આનંદ વળતે પગલે સરપંચને ઘેર પહોંચ્યો ત્યારે એક સફેદ-બ્લૂ જીપ ઊભી હતી. ઓળખાતાં વાર ન લાગી. ડેપો મેનેજરની જીપ હતી.

બાદલગઢમાં આમ તો ચૂંટણી ટાણે આવી મોટરકારો આવતી. બાકી તો ગામલોકોએ મોટરકાર, કે જીપ ક્યારે જોઈ હોય? અત્યારે જીપ ઊભી હતી એટલે ગામ લોકો ટોળે વળીને જીપને જોતા ઊભા હતા!

આનંદ ભીડમાંથી જીપ પાસે પહોંચ્યો. જીપ ઓળખાઈ ગઈ. રાજ્ય પરિવહન નિગમ અક્ષરાંકન નીચે 'ડેપો મેનેજર'નો હોદ્દો ટાંકેલો હતો. સરપંચના આંગણામાં એણે પગ મૂક્યો કે સરપંચે ઉત્સાહમાં આવી કહી દીધું, 'લ્યો આ માસ્તરસાહેબ આવી ગયા.'

ડેપો મેનેજરે આનંદ પ્રતિ દૃષ્ટિ કરીને પૂછ્યું, 'તમે તો નવા આવ્યા તે શિક્ષકને? તમારું નામ?'

'આનંદ'

'ગામ?'

'પ્રતાપપુર'

'અહીંયાં કેટલો સમય થયો?'

'બે મહિના.'

'અરજી તમે કરી હતી?'

'હા, સાહેબ.'

'સરપંચે મને વાત કરી. એ અરજી તમે કરી હતી.'

'હા, અરજી મેં જ કરી હતી. જે ગ્રામ પંચાયત બાદલગઢ દ્વારા કરી હતી અને એ ન કરી શકું?'

'કરી શકાય અને ન પણ કરી શકાય.'

'નામજોગ કદાચ ન કરી શકું. છતાં પણ હું ચાહેત તો વ્યક્તિગત રીતેય મારા નામજોગ અરજી કરેત, પણ ગ્રામ પંચાયત કે સરપંચના નામથી અરજી થાય એ મને વધારે વ્યાવહારિક લાગે છે. કારણ કે આ આખા ગામનો પ્રશ્ન છે.'

'તમે મને વ્યક્તિગત અરજી કરેત? તમે આ ગામના નાગરિક છો?'

'હું આ ગામમાં નોકરી કરું છું એટલે ગામના પ્રશ્નો એ મારા પોતાના પણ પ્રશ્નો છે. જરૂરિયાતો અને સગવડોની મારે પણ જરૂર છે જે અગવડ અને અભાવોનો સામનો ગામ કરે છે એમાં હું પણ આવી જાઉં છું. હું પણ એટલી જ અગવડોનો સામનો કરી રહ્યો છું.'

'...પણ આ ગામ એટલું કલોગું છે કે જેને લીધે અહીં બસ આવી જ ન શકે.'

''આપ તો ડેપો મેનેજર છો. એ ડેપો નીચે જેટલાં ગામડાં આવે છે. એમાં બાદલગઢનોય સમાવેશ થઈ જાય છેને?'

'હા, જરૂર..'

'તો પછી બાદલગઢ સિવાયના કોઈ ગામમાં એસટીની સુવિધા ઉપલબ્ધ ન હોય તેવા ગામનું નામ બતાવશો?'

'લગભગ જાય છે.'

'તો પછી બાદલગઢનો શો દોષ?'

'' અગાઉ અહીંથી રજૂઆત જ થઈ નથી.' અને મારા વંચાણમાં બાદલગઢ ગ્રામ પંચાયતની અરજી આવી જ નહોતી.'

આનંદે એક છોકરાને બૂમ પાડી બોલાવ્યો. તેની પાસે ચંદ્રકાન્તભાઈની અગાઉ કરેલી અરજીઓની ફાઈલ મંગાવી. ફાઈલને બદલે ચંદ્રકાન્તભાઈ જ આવી ગયા. આનંદે કહ્યું, સાહેબ, તમે એસટીમાં કેટલી વાર અરજી કરેલી?'

'લગભગ પચ્ચીસ વાર.'

'એ અરજીઓની પ્રત જોઈએ છે.'

'હું લાવ્યો જ છું.' કહી થેલીમાંથી કાઢવા ગયા કે ડેપો મેનેજર અટકાવતાં બોલ્યા, 'એવી કોઈ જરૂર નથી. અમે તો મુદ્દાની વાત કરવા જ આવ્યા છીએ.'

'ફરમાવો સાહેબ.'

'બાદલગઢમાં એસટી આવે પણ એવો કોઈ રસ્તો સારો નથી. આ ચોમાસાનો ટાઈમ. બસ ખૂંપી જાય.'

'પંચાયતના ડેપ્યુટી એન્જિનિયરને અમે લખ્યું હતું. તેઓ માપ લઈ ગયા છે. મેટલવાળો રોડ બનશે. એસ્ટિમેટ એ લોકોએ વડી કચેરીમાં મોકલી આપ્યા છે.'

'એ ક્યારે થશે?'

'લગભગ બે ' ક મહિના લાગી જાય.''

'તો પછી બે' ક મહિના પછી અમે જરૂર શટલ મૂકીશું.'

' 'એમ નહીં સાહેબ, અમારે દસ દિવસમાં બસ જોઈએ છે..!'

'એ શક્ય જ નથી. રસ્તો સારો નથી. બસ ખૂંપી જશે એની જવાબદારી....?' ડેપો મેનેજરે આનંદ સામે દ્રષ્ટિ માંડી વેધક નજરે જોયું.:' બોલો, આ જવાબદારી કોણ લેશે?..' અને પછી કટાક્ષપૂર્વક હસતા કહ્યું: 'તમે લેશો??'

(ક્રમશઃ) ■

# " તું એક મિનિટ બેસ, હું હમણાં જ આવું..."




ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

વાતો કરતાં કરતાં બંને ઘરે પહોંચી ગયા. ઘરની અંદર દાખલ થતાવેંત મહેશ તો સોફામાં બેસી જ ગયો. ત્યાં તો શાંતુએ કહ્યું : " તું એક મિનિટ બેસ, હું હમણાં જ આવું..." એમ બોલી શાંતુ તેના બેડરૂમ તરફ ચાલી.

થોડીવારમાં તો તે તેના હાથમાં એક પેકેટ પકડીને પાછી આવી મહેશ પાસે સોફામાં બેસી જઇ પછી હાથમાં પકડેલું પેકેટ બતાવતાં બોલી : "બોલ..., આ પેકેટમાં શું હશે....?"

"મને કેમ ખબર પડે ? " મહેશે જવાબ આપ્યો.

"સાચું કહુ ? - બે દિવસ પહેલાં જ હું તારા માટે ગિફ્ટ લઇ આવી છું. શું કામ.. ખબર છે તને ? સાચે જ...તું મને ખૂબ ખૂબ ગમે છે ને એટલે...! પરંતુ મારા તરફથી આ ગિફ્ટ તને આપવાનો સમય જ ન મળ્યો. સારૂં થયું, હવે આજે ને અત્યારે હું પહેલા મારી ગિફ્ટ તને આપીશ." શાંતુએ તેની આંખો નચાવતા કહ્યું.

"મારા માટેની ગિફ્ટ તમે બે દિવસ પહેલાં લઇ રાખેલી...? તમે તો સાચે જ..."

"હું જબરી છું.... એમ જ ને...? સાંભળ : આપણને ગમતી વ્યક્તિને ગિફ્ટ ન આપી શકીએ તો આ જિંદગી કામની શું ? સાચું કહું છું : તું આવ્યો એ દિવસે તને જોતાં જ મને તો સાચે જ કંઇનું કંઇ થવા લાગ્યું હતું. તારા જેવો છોકરો મેં હજી સુધી ક્યાંય જોયો જ નથી. તને જોતાની સાથે જ... સાચે જ... હું તો પાણી પાણી થઇ ગઇ અને અંદરથી ભીની ભીની થઇ ગઇ હતી. "

"તમે સાચું કહો છો... ભાભી ! આ તો ખરૂં કહેવાય. મને તો એમ હતું કે આવું બધું તો છોકરાઓને જ થતું હશે. હવે હું મારી વાત કહું : જ્યારે પહેલે દિવસે મેં તમને જોયા એ જ ઘડીએ મારા શરીરમાં ઊભરો આવ્યો હતો. એ ઉભરો પણ કેવો ? સાચે જ, એનું વર્ણન મારાથી થઇ શકે તેમ નથી. કારણ કે, થોડા સમય પછી મારે મારા કપડા બદલવા પડ્યા હતા."

"થાય.... થાય... આવું થાય. છોકરા - છોકરી બંનેને આવું થાય. એમાં જરાય મુંજાવાનું ન હોય. હવે કહેવાનું ફકત એટલું જ કે... આમ તો આપણે બંને સરખાં જ કહેવાઈએ... બરાબર ને ?"

"તમારી વાત સાવ સાચી છે, ભાભી..."

"ચાલ... હવે વાતો તો ઘણી થઇ હવે મૂળ મુદ્દાની વાત એ કે, હું તને મારી ગિફ્ટ એક શરતે આપીશ. ગિફ્ટ આપું એટલે તરત તારે મને મારા ગાલે, મારા હોઠે તારે પપ્પી કરવી પડશે.

"એમાં શું ? હું પપ્પી કરીશ, બસ..."

ને પછી ભાભીએ તેના હાથમાં પકડેલ પેકેટ મહેશના હાથમાં આપ્યું પછી આંખો બંધ કરીને શાંતુ એમ જ સ્થિર બેસી રહી. મહેશે પેલું પેકેટ તેના હાથમાં લઇ લીધું. એ પેકેટને સોફા પર જ થોડે છેટે સંભાળીને મૂકી દીધું પછી થોડા ગભરાટભર્યા આવેશ સાથે શાંતુના કુમળા ગાલ પર મીઠી મીઠી એક નહીં પણ અનેક પપ્પી ભરી પીધી. ને પછી તો શાંતુના પરવાળા જેવા કોમળ ભરાવદાર હોઠ પર મહેશે તેના હોઠ ભીડી દીધા.

એ સમયે શાંતુના આખાએ શરીરમાં કોઇ અજીબ પ્રકારની ઝણઝણાટી આવવી શરૂ થઇ. તેના હોઠ એમ જ ધ્રુજવા લાગ્યા. ને મહેશ તો...

શરીર સુખ માટે તડપતી કાયાને થોડો એવો હુંફાળો સહારો મળે એટલે એ શરીને સ્વર્ગનું સુખ જાણે કે મળી જ ગયું. આવું જ શાંતુને થયું. તેને તો જાણે સાચે જ સ્વર્ગનું સુખ અત્યારે જ પ્રાપ્ત થયુ હતું.

ફફડતા હોઠ સાથે ધીમે રહીને શાંતુએ તેની આંખો પટપટાવીને ખોલી એ સાથે તો મહેશે કહ્યું : "ભાભી...! તમે કહ્યા મુજબ મેં મારી શરત પૂરી કરી, બસને ? તમને સંતોષ તો થયો છે ને ? ચાલો, હવે હું તમને મારા તરફથી ગિફ્ટ આપું છું. તમારી જેમ મારી કોઇ શરત નથી પણ તમને જે ગમે તે... હું ના નહીં કહું." આમ બોલી મહેશે પેલા પર્સનું પેકેટ શાંતુના હાથમાં પકડાવી દીધું. પછી ધીમે રહીને તેણે તેની આંખો બંધ કરી મૂર્તિની જેમ જ સોફા પર બેસી રહ્યો.

શાંતુએ પણ એ પેકેટને થોડું દૂર મૂકી અને પછી તેના બંને હાથે મહેશના માથાને પકડયું. પછી તો અતિ આવેશપૂર્વક તેના રસાળ હોઠ મહેશના હોઠ સાથે મજબૂતાઈથી મસ્ત મસ્ત મસ્તી કરવા માટે સાવ છુટ્ટા જ મૂકી દીધા. ઘણીવાર સુધી મધ જેવી મીઠી મીઠી રસભરી પપ્પીઓની લેણદેણ થતી રહી.

અંતે શાંત થતાં શાંતુ બોલી : "બસ, બહુ થયું... હવે તું આરામ કર. હું ઝડપથી રસોઈ કરવા માંડુ, આમ... ઘડિયાળમાં જો, સાડાદસ થઇ ગયા છે. તારે પણ અગિયાર વાગે ઓફિસે જવાનું છે તે યાદ તો છેને ? " આટલું બોલી સોફા પરથી શાંતુ ફટાફટ ઊભી થઇ. (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઇન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# આગ્રાનાં ખંડૌલી વિસ્તારમાં કન્ટેનરે બે ઓટોને ટક્કર મારતા પાંચ લોકોના મોત

(એચ.એસ.એલ),આગ્રા,તા.૩૧

આગ્રાના ખંડૌલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં શનિવારે એક દુઃખદ માર્ગ અકસ્માત થયો. એક ઝડપી ગતિએ આવતા કન્ટેનરે બે ઓટોને કચડી નાખ્યા. આ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે, જ્યારે ત્રણ ઘાયલ થયા છે. તે બધા જગન્નાથ યાત્રા પર ગયા હતા અને ઓટો દ્વારા પરત ફરી રહ્યા હતા. તેઓ સહપૌના રહેવાસી છે. આગ્રા કેન્ટ સ્ટેશન પર ઉતર્યા પછી, આ લોકો




એક ઓટોમાં ઘરે જઈ રહ્યા હતા. રસ્તામાં અકસ્માત થયો.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, બંને ઓટો એક જ દિશામાં જઈ રહ્યા હતા. પાછળથી આવતા એક ઝડપથી આવતા કન્ટેનરે પહેલા એક ઓટોને અને પછી બીજાને ટક્કર મારી. ટક્કર એટલી ગંભીર હતી કે બંને ઓટોને ભારે નુકસાન થયું, જેના કારણે વ્યાપક અફડાતફડી મચી ગઈ. અકસ્માતની માહિતી મળતાં, ખંડૌલી પોલીસ ઘટનાસ્થળે પહોંચી. પોલીસે એમ્બ્યુલન્સની મદદથી ઘાયલોને નજીકની હોસ્પિટલમાં મોકલ્યા. અકસ્માત બાદ, આરોપી ડ્રાઈવરને લોકોએ પકડી લીધો અને માર માર્યો.

પાંચ મૃતકોના મૃતદેહ એસએન મેડિકલ કોલેજમાં લાવવામાં આવ્યા હતા. મૃતકોની ઓળખ બિજો, લખમીચંદ, રણવીર સિંહ, બિલ્લા મિસ્ત્રી અને શાહિદ તરીકે થઈ હતી. ધનપાલને ઈજાગ્રસ્ત હાલતમાં ઈમરજન્સી વોર્ડમાં લાવવામાં આવ્યા હતા. અકસ્માતમાં ઘાયલ થયેલા વિજય સિંહ અને ઉદય સિંહને યમુના નદી પાર અંબે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક ૨૦૨૫ના અમલ સામે વિરોધ, ૪ થી ૬ ગણા દંડની જોગવાઈથી ખેડૂતો પર આર્થિક ભારણ

અમરેલી,તા.૩૧

રેવન્યુ પ્રેકટીશનર એસોસીએશન અમરેલીના એડવોકેટ અમીત પી. ચોવટીયા દ્વારા ગુજરાત રાજ્યના મહેસુલ મંત્રીને લેખિત રજૂઆત કરી ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક ૨૦૨૫, મુખ્ય અધિનિયમ ૧૯૫૮ના ખંડ (ખ) ૧ ની કલમ ૩૯ના અમલીકરણ બાબતે ફેરવિચારણા કરવા માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, નવા સુધારા મુજબ જો કોઈ વ્યક્તિ સ્વૈચ્છિક રીતે ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી ભરવા રજૂઆત કરે તો તેને ખૂટતી રકમના ૪ ગણા સુધીનો અને જો કલેક્ટર આપમેળે કે કોર્ટના સંદર્ભે કાર્યવાહી કરે તો ખૂટતી રકમના ૬ ગણા સુધીનો દંડ વસૂલવાની જોગવાઈ છે. આ સુધારાને કારણે ભૂતકાળમાં થયેલી નોંધો પર પણ અત્યાર સુધીના વ્યાજની ગણતરી થતાં ખેડૂતો પર રૂપિયા ૫ લાખથી લઈ ૫૦ લાખ સુધીના જંગી ચલણ આવે છે. જેના પરિણામે સામાન્ય ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે અને તેમના રેવન્યુ વ્યવહારો અટકી પડ્યા છે.

વધુમાં એસોસીએશને જણાવ્યું છે કે, સરકારના ૧૪/૦૩/૨૦૧૬ના પરિપત્ર મુજબ ખેતીની જમીનમાં હયાતીમાં વહેંચણી કે સીધી લીટીના વારસદારોમાં મિલકત તબદીલી સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્ત છે. તેમ છતાં, જ્યારે ખેડૂતો કોઈ ચોક્કસ નોંધ માટે અરજી કરે છે ત્યારે નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટી દ્વારા જૂની હયાતીની વહેંચણી કે વારસાઈ હક્કની નોંધોને પણ ધ્યાને લઈ આપમેળે સ્ટેમ્પ ડ્યુટીની ગણતરી કરવામાં આવે છે, જે નિયમોથી વિપરીત છે. આથી, ખેડૂતોના હિતમાં વિધેયકમાં યોગ્ય સુધારો કરવા અને હયાતીમાં વહેંચણી જેવી બાબતોમાં સ્પષ્ટતા કરતો પરિપત્ર બહાર પાડવા અમરેલી રેવન્યુ પ્રેકટીશનર એસોસીએશને નમ્ર વિનંતી કરી છે.

જોઈએ છે
ડ્રીપ ઈરીગેશન માટે
માર્કેટીંગ મેનેજર તેમજ
સેલ્સ મેનેજર
ઓછામાં ઓછા ૨ વર્ષનો અનુભવ
અમરેલી, ભાવનગર, બોટાદ
જીલ્લા માટે જોઈએ છે.
રોયલ ઈરીટેક
મોબાઈલ : ૯૦૯૯૯૧૫૦૬૬
Gmail : ggrc.royalirritech@gmail.com

# દિવંગત અજિત પવારના પત્ની સુનેત્રા પવાર મહારાષ્ટ્રના ના.મુખ્યમંત્રી બન્યા

મુંબઈ,તા.૩૧

દિવંગત નેતા અજિત પવારના પત્ની સુનેત્રા પવાર મહારાષ્ટ્રના નવા નાયબ મુખ્યમંત્રી બન્યા છે. મહારાષ્ટ્રના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ



શિંદે તથા અન્ય નેતાઓ શપથવિધિમાં હાજર રહ્યા હતા. સુનેત્રા પવારની શપથવિધિ દરમિયાન NCP નેતાઓએ 'અજિત દાદા અમર રહે.. રહે...'ના નારા લગાવ્યા હતા. સુનેત્રા પવારે રાજ્યસભા સાંસદ પદ પરથી રાજીનામું આપ્યું છે. નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરતા પહેલા તેમણે પોતાના સાંસદ પદ પરથી રાજીનામું આપ્યું હતું. શનિવારે વિધાન ભવન ખાતે એનસીપીના ધારાસભ્યો અને વરિષ્ઠ નેતાઓની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વરિષ્ઠ નેતા દિલીપ વલસે પાટીલે ધારાસભ્ય દળના નેતા તરીકે સુનેત્રા પવારના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને તમામ ધારાસભ્યોએ સર્વસંમતિથી ટેકો આપ્યો હતો.

**સુનેત્રા પવારના શપથ સમારોહમાં મુખ્યમંત્રી ફડણવીશ સહિતના હાજર રહ્યા**

## CHANGE OF NAME

I Undersigh I SAVALIYA DHIRUBHAI ARAJANBHAI have changed my name from SAVLIYA DHIRUBHAI ARJANBHAI To SAVALIYA DHIRUBHAI ARAJANBHAI Now i will be known as SAVALIYA DHIRUBHAI ARAJANBHAI
Sigh : SAVALIYA DHIRUBHAI ARAJANBHAI
Address : RAYDI AT-RAYDI, TAL-KHAMBHA, DIST-AMRELI-365550

---

-:: જાહેર નોટીસ ::-

## -//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.16/2026
જન્મ તારીખ : 01/06/1959

શ્રી રાજાભાઈ રામસિંહભાઈ સોલંકી,
રહે.જીન પ્લોટ, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, છારા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી રાજાભાઈ રામસિંહભાઈ સોલંકી, રહે.જીન પ્લોટ, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી રામસિંહભાઈ પુંજાભાઈ સોલંકી તથા બેનાબેન રામસિંહભાઈ સોલંકી ના પુત્ર રાજાભાઈ રામસિંહભાઈ સોલંકીનો જન્મ તારીખ.01/06/1959ના રોજ કોડીનાર તાલુકાના છારા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

---

## ધારીના મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં

જ.મ. અપીલ રજી નં. ૬૭/૨૦૨૬ — તા.૨૮/૦૧/૨૦૨૬

અરજદાર :- શ્રી જયંતીભાઈ પરસોતમભાઈ કુંભાણી
રહે.લાખાપાદર
તા.ધારી, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ -મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મુ.લાખાપાદર, તા.ધારી, જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, લાખાપાદર ગામ તાલુકા ધારી અરજદારશ્રી એ તેઓના માતા શાંતાબેન પરસોતમભાઈ કુંભાણીનુ મરણ તા.૨૦/૦૨/૧૯૮૮નાં રોજ લાખાપાદર ગામે થયેલ હોવાની નોંધ દાખલ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામનાં સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમનાં મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ ફરમાવવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ,
ધારી

---

-:: જાહેર નોટીસ ::-

## -//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.42/2026
મરણ તારીખ : 01/06/1977

શ્રી આમદ રજેમામદ મશાકપૈત્રા,
રહે.પાવટી, ગામ-પાવટી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત પાવટી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી આમદ રજેમામદ મશાકપૈત્રા, રહે.પાવટી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી રજેમામદ શાહમામદ મશાકપૈત્રા તથા ફાતુબેન રજેમામદ મશાકપૈત્રા ના પુત્ર આમદ રજેમામદ મશાકપૈત્રાનો જન્મ તારીખ.01/06/1977ના રોજ કોડીનાર તાલુકાના પાવટી મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૮/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

સહી,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

---

## -//મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૭૨/૨૦૨૫ — તા.૨૮/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. કયાડા બિનલ નિતિનભાઈ
રહે.બી ૪૦૪, ધારા રેસીડેન્સી, મહાદેવ ચોક, મોટા વરાછા, ચોરાસી, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી જુના સાવર તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી કયાડા બિનલ નિતિનભાઈનો જન્મ તા.૦૪/૦૨/૨૦૦૧ ના રોજ મુ.જુના સાવર, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

---

## -//મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૦૫/૨૦૨૬ — તા.૨૯/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. પરસોતમભાઈ છગનભાઈ ગજેરા
રહે. વાંશીયાળી તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી, વાંશીયાળી
તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી નયનાબેન પરસોતમભાઈ ગજેરાનો જન્મ તા.૦૧/૦૭/૧૯૭૮ ના રોજ મુ.વાંશીયાળી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

---

## -//મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૯૦/૨૦૨૫ — તા.૧૮/૦૮/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. પીપળીયા મુક્તાબેન શંભુભાઈ
રહે.વંડા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી વંડા તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી સુમિતાબેન શંભુભાઈ પીપળીયાનો જન્મ તા.૧૫/૦૯/૧૯૯૨ ના રોજ મુ.વંડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

---

## -//મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૯૦/૨૦૨૬ — તા.૨૯/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. મકવાણા બાબુભાઈ પ્રેમજીભાઈ
રહે.ગાધકડા તા. સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી ગાધકડા તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી વિલાસબેન બાબુભાઈ મકવાણાનો જન્મ તા.૧૧/૦૪/૧૯૮૮ ના રોજ મુ.ગાધકડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

---

## -//મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૩૫/૨૦૨૫ — તા.૧૭/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. ઘનશ્યામભાઈ ભીમજીભાઈ ગોહિલ
રહે.મુ. હોથીભાઈની શેરી સાવરકુંડલા તા. સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા
તા. સાવરકુંડલા જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી ઘનશ્યામભાઈ ભીમજીભાઈ ગોહિલનો જન્મ તા.૦૧/૦૭/૧૯૬૭ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા / ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

---

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગીરગઢડાની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ નં.9/2026

પ્રતિ
વાડદોરીયા રામબેન લાલજીભાઈ,
રહે. ઈંટવાયા, ગામ-ઈંટવાયા, તાલુકો-ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર
વકીલશ્રી જે.પી.જાની ગીરગઢડા

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ )અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ઈંટવાયા, તા.ગીરગઢડા,
જિ.ગીર સોમનાથ .........સામાવાળા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના ઈંટવાયા ગામના રહીશ વાડદોરીયા લાલજીભાઈ વલ્લભભાઈ તથા વાડદોરીયા રામબેન લાલજીભાઈના પુત્રી ભાવનાબેન લાલજીભાઈ વાડદોરીયાનો જન્મ તારીખ 21/06/1977ના રોજ ગીરગઢડા તાલુકાના ઈંટવાયા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ઈંટવાયા, તાલુકો-ગીરગઢડા સને-1977ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૧૭/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૦/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહિ
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

---

## -//મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૬૬/૨૦૨૫ — તા.૨૯/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. ચંદુભાઈ રવજીભાઈ ઉશદડીયા
રહે.પીયાવા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી, પીયાવા
તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી ફોરમ ચંદુભાઈ ઉશદડીયાનો જન્મ તા.૨૯/૧૧/૧૯૮૮ ના રોજ મુ.વાંશીયાળી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

---

## -//મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૮૯/૨૦૨૫ — તા.૨૫/૦૮/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. નાકરાણી છગનભાઈ નથુભાઈ
રહે.ફાટક પાસે, ઝીંઝુડા ગેટ,સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા
તા. સાવરકુંડલા જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી ત્રિવેણીબેન છગનભાઈ નાકરાણીનો જન્મ તા.૧૩/૦૯/૧૯૭૧ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૪/૧૦/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

---

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૯/૨૦૨૬

અરજદાર : શ્રી થૈયમ સનાબેન સાદિક ડો/ઓ કુંડલીયા ઈસુબભાઈ કાસુભાઈ
સરનામુ : મું.નવા બંદર, તા.ઉના જિ.ગીરસોમનાથ
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસર શ્રી નગરપાલિકા - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જી.અમરેલી

### નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરસોમનાથ જિલ્લાના **ઉના તાલુકાના નવા બંદર** ગામના **શ્રી થૈયમ સનાબેન સાદિક ડો/ઓ કુંડલીયા ઈસુબભાઈ કાસુભાઈ** એ પોતે **નામે શ્રી કુંડલીયા સનાબેન ઈસુબભાઈ નો** જન્મ તા.૦૫/૦૧/૧૯૮૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એમ.જી.નાગર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૫/૦૧/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)


સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**સોમનાથ - ભાવનગર હાઈવે સિંહો માટે મોતનો રસ્તો**

# જાફરાબાદના નાગેશ્રી નજીક વાહન હેડફેટે સિંહણનું મોત થતા અરેરાટી

અમરેલી,તા.૩૧

અમરેલી-ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર વન્યપ્રાણીઓના મોતના સિલસિલામાં વધુ એક વન્ય પ્રાણીનું મોત નીપજ્યું છે. જાફરાબાદ રેન્જ હેઠળ આવતા નાગેશ્રી ટોલનાકા નજીક એક અજાણ્યા ફોરવીલ વાહન ચાલકે સિંહણને જોરદાર ટક્કર મારતા તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે.




પ્રાપ્ત વિગતો અનુસાર, સિંહણ જ્યારે રોડ ક્રોસ કરી રહી હતી ત્યારે પૂરપાટ ઝડપે આવતા કાર ચાલકે તેને હડફેટે લીધી હતી. અકસ્માત સર્જીને કાર ચાલક ટોલનાકામાંથી પસાર થઈ ઉના તરફ ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ જાફરાબાદ રેન્જ વનવિભાગનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને મૃતદેહને પીએમ માટે ખસેડી તપાસ તેજ કરી છે. વનવિભાગ દ્વારા ટોલનાકાના સીસીટીવી ફૂટેજ ચકાસીને ફરાર કાર ચાલકને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. છેલ્લા માત્ર એક મહિનામાં આ પંથકમાં ૨ સિંહ અને ૧ દીપડા સહિત કુલ ૩ વન્યપ્રાણીઓના મોત થયા છે. નેશનલ હાઈવે પર વાહનોની ગતિ અને સિંહોની સુરક્ષાને લઈ હવે સિંહ પ્રેમીઓમાં ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

# અરવલ્લી, ડાંગ જિલ્લામાં કમોસમી માવઠુ પડતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ

ગુજરાત,તા.૩૧

ગુજરાતના વાતાવરણમાં ફરી એકવાર મોટો ઉલટફેર જોવા મળ્યો છે. રાજ્યમાં કડકડતી ઠંડી વચ્ચે અચાનક વાતાવરણ પલટાયું છે અને અરવલ્લી સહિત ડાંગ જિલ્લાના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ (માવઠું) ખાબક્યો છે. ભરશિયાળે વરસેલા આ વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક તો પ્રસરી છે, પરંતુ જગતનો તાત ચિંતામાં મુકાયો છે. માત્ર અરવલ્લી જ નહીં, દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પણ કમોસમી વરસાદના અહેવાલ પ્રાપ્ત થયા છે.આ કમોસમી વરસાદને કારણે ખેડૂતોના જીવ અધ્ધર થઈ ગયા છે. ખાસ કરીને માવઠાના કારણે રવિ પાક જેવા કે ઘઉં અને બટાકાના પાકમાં રોગચાળો આવવાની ભીતિ સેવાઈ રહી છે. જો વરસાદી માહોલ લાંબો સમય ચાલશે તો પાક તૈયાર થવાના સમયે જ બગડવાની શક્યતા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. ડાંગ જિલ્લામાં સાપુતારા, આહવા અને વઘઈ પંથકમાં જોરદાર પવન સાથે વરસાદી ઝાપટાં નોંધાયા છે. આ ઉપરાંત સુરત અને વલસાડના વાતાવરણમાં પણ પલટો જોવા મળ્યો છે. બીજી તરફ કચ્છ જિલ્લાના લખપત અને નારાયણ સરોવર જેવા સરહદી વિસ્તારોમાં પણ અચાનક કમોસમી વરસાદી ઝાપટાં પડ્યા હોવાની માહિતી મળી છે.





# અમદાવાદ શહેરમાં પૈસા ન આપનાર માતાની કપાતરે હત્યા કરતા ચકચાર

અમદાવાદ,તા.૩૧



અમદાવાદમાં કળિયુગના કપાતરે માથામાં દંડા મારી માને પતાવી દીધી. પ્રોપર્ટીના વિવાદમાં ઘરના બદલામાં પૈસા માગતાં માતાએ ઈન્કાર કર્યો હતો. ના સાંભળતા જ પુત્ર પિશાચ બની ગયો અને માતાની હત્યા કરી નાખી. શુક્રવારે મકરબા વિસ્તારમાં આવેલા ઔડાના મકાનમાં રહેતાં કપિલાબેન દેવીપૂજક ઘરે હાજર હતાં ત્યારે તેમનો દીકરો અજય આવ્યો હતો. માતા-પુત્ર વચ્ચે એક ઘરને લઈને વિવાદ ચાલતો હતો, જેથી અજયે ઘરના બદલામાં પૈસા માગ્યા હતા. જોકે કપિલાબેને પૈસા આપવાની ના પાડી હતી, જેથી અજય ઉશ્કેરાયો હતો. એ બાદ કપિલાબેનને બાજુમાં પડેલા દંડા વડે માથામાં ફટકા માર્યા હતા. કપિલાબેનને માથામાં ગંભીર ઈજા થતાં મોત થયું.

# જૂનાગઢની દીકરીનું ઓસ્ટ્રેલિયામાં ચક દે ઈન્ડિયા: ઓસ્ટ્રેલિયન ઓપનમાં અંડર-૧૪ ટાઈટલ જીત્યુ

જૂનાગઢ,તા.૩૧

રમતગમતના ક્ષેત્રમાં અને તેમાં પણ ટેનીસ જેવી પ્રોફેશનલ રમતમાં જૂનાગઢને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી છે. ટેનિસ ખેલાડી જેન્સી કાનાબારે ઓસ્ટ્રેલિયન ઓપનમાં અંડર-૧૪ ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની. તેણીએ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાની મુસેમ્મા કિલેકને હરાવી ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભારતીય ધ્વજ લહેરાવ્યો છે. જેન્સીએ ઈતિહાસમાં પોતાનું નામ નોંધાવી દીધું છે.

જેન્સી કાનાબારે ઓસ્ટ્રેલિયન ઓપન એશિયા પેસિફિક એલીટ ૧૪ અને અંડર ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણીએ તેના બધા મેચ જીતી લીધા હતા અને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. તેણીનો સામનો મુસેમ્મા કિલેક સામે થયો હતો. તેણીની શરૂઆત ખરાબ રહી હતી, તે ૩-૬ ૦-૨ થી પાછળ હતી.



ત્યારબાદ તેણીએ જોરદાર વાપસી કરી. કાનાબારે અંતિમ બે રાઉન્ડમાં ૬-૪ ૬-૧ થી જીત મેળવી. તે ઓસ્ટ્રેલિયન ઓપન અંડર-૧૪ ટાઈટલ જીતનાર પ્રથમ મહિલા ખેલાડી બની. જૂનાગઢની જેન્સી કાનાબાર ગોવાહાટી ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય આઈટીએફ જે ૬૦ ટેનિસ સ્પર્ધામાં અલ્બીના કાકેનોવાને ૬-૪ ૬-૪ થી સીધા સેટોમાં હરાવીને વધુ એક ટેનિસની ટુર્નામેન્ટ લીધી છે.

# ગુજરાત પોલીસ ભરતી બોર્ડે પીએસઆઈ માટે ૮૬૭૯ ઉમેદવારોને ક્વોલિફાઈડ જાહેર કરાયા

ગાંધીનગર,તા.૩૧

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) ભરતી ૨૦૨૪-૨૫ અંગે મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે. ભરતી જાહેરનામા ક્રમાંક GPRB/૨૦૨૩૨૪/૧ અંતર્ગત હાથ ધરાયેલી આ ભરતીપ્રક્રિયામાં શારીરિક કસોટીમાં ક્વોલિફાઈડ થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. આ ભરતીપ્રક્રિયામાં કુલ ૧,૦૨,૯૩૫ ઉમેદવારોએ લેખિત પરીક્ષા (પેપર-૧ અને પેપર-૨) આપી હતી. પરીક્ષા નિયમો મુજબ પેપર-૧ના Part-A અને Part-Bમાં અલગ-અલગ ૪૦ ટકા ગુણ મેળવેલા ઉમેદવારોમાંથી કુલ ૪૯,૫૯૧ ઉમેદવારોનાં પેપર-૨ (વર્ણનાત્મક)ની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી પેપર-૨માં ૪૦ કે તેથી વધુ ગુણ મેળવેલા કુલ ૮૬૭૯ ઉમેદવારોને ક્વોલિફાઈડ જાહેર કરવામાં આવ્યા છે.

# અમરેલી સહિત રાજયમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડીમાં આંશિક ઘટાડો, રાત્રિના ફૂંકાતા ઠંડા પવનો

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૩૧

છેલ્લા કેટલાક વર્ષોમાં, ગુજરાતમાં ત્રણેય ઋતુઓમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. રાજ્યમાં સામાન્ય રીતે ડિસેમ્બરમાં તીવ્ર શીત લહેરનો અનુભવ થાય છે. જોકે, ગયા વર્ષની સરખામણીમાં, આ વખતે ઠંડી નોંધપાત્ર રીતે ઓછી રહી છે. શિયાળાની મધ્યમાં ઠંડા દિવસો કરતાં વધુ ગરમ અને ભેજવાળા દિવસો છે. ડિસેમ્બર ૨૦૨૪ અને ડિસેમ્બર ૨૦૨૫ માં ઠંડીની સરખામણી કરીએ તો, કચ્છના નલિયામાં ગયા ડિસેમ્બરમાં ૩૧ દિવસમાંથી ૨૨ દિવસ લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે ગયું હતું, જ્યારે આ વર્ષે તે ફક્ત ૪ વખત ૧૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે ગયું છે.



આ વર્ષે, અમદાવાદમાં સૌથી ઓછું તાપમાન ડિસેમ્બરમાં નોંધાયું હતું. હવામાન નિષ્ણાતોના મતે, સામાન્ય રીતે ઉત્તર ભારતથી આવતા સૂકા અને ઠંડા પવનો ડિસેમ્બરમાં ગુજરાતમાં ઠંડી લાવે છે. જોકે, આ વખતે હિમાલયમાં કોઈ મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ જોવા મળ્યું નથી. જ્યારે પર્વતોમાં ભારે હિમવર્ષા થાય છે, ત્યારે ત્યાંથી નીકળતા ઠંડા પવનો મેદાનો અને ગુજરાતમાં ઠંડુ વાતાવરણ લાવે છે. આ વર્ષે ઉત્તર ભારતમાં ઓછી હિમવર્ષાને કારણે, કોઈ તીવ્ર શીત લહેર આવી નથી. હવામાન નિષ્ણાતોના મતે, અરબી સમુદ્રમાંથી ગરમ અને ભેજવાળા પવનોના પ્રવાહને કારણે લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થતો નથી.

# SMCએ સુરેન્દ્રનગરના માલવણ હાઈ-વે નજીક રૂા. ૧ કરોડના દારૂ સાથે એક શખ્સ ઝડપ્યો

સુરેન્દ્રનગર,તા.૩૧

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)ની ટીમે સુરેન્દ્રનગરના માલવણ હાઈવે પરથી વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે. હાઈવે પર આવેલી એક હોટલના કમ્પાઉન્ડમાંથી અંદાજે ૧.૫૦ કરોડ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ ભરેલી ટ્રક પકડાતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે.ચોક્કસ બાતમીના આધારે (SMC)ની ટીમે માલવણ હાઈવે પર આવેલી હોટલના કમ્પાઉન્ડમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. અહીં પાર્ક કરેલી એક શંકાસ્પદ ટ્રકની તપાસ કરતા તેમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.વિદેશી દારૂની ૩૩,૮૧૬ નંગ બોટલ જેની કિંમત અંદાજે ૧.૫૦ કરોડ રૂપિયા છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ટ્રકચાલક સતેન્દ્રપાલ બલવીરસિંગની ધરપકડ કરી છે, જે ઉત્તર પ્રદેશનો છે. પ્રાથમિક પૂછપરછ બાદ પોલીસે દારૂ મોકલનાર અને મંગાવનાર સહિત કુલ ૫ શખસો સામે બજાણા પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# સુરતમાં પ્રદુષણમાં વધારો ! AQI ૩૫૦ને પાર પહોંચતા સુરતીઓ માટે ખતરાની ખંટી

સુરત,તા.૩૧

સુરત શહેરમાં શનિવારે વહેલી સવારથી જ વાતાવરણમાં પરિવર્તન જોવા મળ્યું છે. સવાર થી બપોરે ૧૨ વાગવા છતાં હવામાં ઝેરી ધુમ્મસ (Smog) છવાયેલું રહ્યું હતું, જેના કારણે વિઝિબિલિટીમાં મોટો ઘટાડો નોંધાયો છે.ખાસ કરીને તાપી નદીના તટ અને શહેરના મુખ્ય માર્ગો પર વાહનચાલકોને ધોળે દિવસે હેડલાઈટ ચાલુ રાખવાની નોબત આવી હતી. સામાન્ય રીતે ચોખ્ખી દેખાતી સૂર્યપુત્રી તાપીનો પટ આજે પ્રદૂષણની સફેદ ચાદર નીચે ઢંકાયેલો જોવા મળ્યો હતો, જે શહેરની બગડતી હવાની ગુણવત્તાનો પુરાવો છે. સુરત શહેરની હવાની શુદ્ધતા માપતો એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) આજે ચિંતાજનક સપાટીએ પહોંચી ગયો છે. સામાન્ય દિવસોમાં જે આંકડો ૯૩ની આસપાસ રહેતો હોય છે, તે આજે ઉછળીને ૩૫૦ને પાર કરી ગયો હતો અને અમુક વિસ્તારોમાં તો ૩૬૦ની નજીક પહોંચી રહ્યો છે. જે સુરતીઓ માટે મોટી ખતરાની ઘંટડી છે.



# રાજકોટ મહાપાલિકાનો વહીવટ જોઈ મુખ્યમંત્રીએ કમિશનરને ખખડાવ્યાં

રાજકોટ,તા.૩૧

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા રાજકોટ સહિત રાજ્યની મહાપાલિકાઓના પદાધિકારીઓ અને કમિશ્નરોની એક ઉચ્ચસ્તરીય બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર અને મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક દરમિયાન મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તંત્રની કામગીરી સામે લાલ આંખ કરી હતી અને સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી હતી કે પ્રજાલક્ષી કાર્યોમાં કોઈપણ પ્રકારની બેદરકારી સાંખી લેવામાં આવશે નહીં. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આગામી વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટ અને વર્તમાન પ્રોજેક્ટ્સની સ્થિતિ અંગે ચર્ચા કરી હતી. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા મોટા પ્રોજેક્ટ્સમાં જે વહીવટી અવરોધો આવી રહ્યા છે તેને દૂર કરવા માટે મુખ્યમંત્રીએ માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે જે યોજનાઓ અત્યારે 'પાઈપલાઈન'માં છે તેને ઝડપથી અમલી બનાવી અને જે કામો શરૂ થઈ ગયા છે તેને સમયમર્યાદામાં પૂર્ણ કરવા જોઈએ. તેમણે તાકીદ કરી હતી કે વિકાસના નામે પબ્લિક હેરાન થાય તેવું કોઈ કામ કરવાનું નથી.













